Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૧ (ચાલુ) વીર સં ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૨ આસો

# આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही, किं वा नाहिइ छेयं पावगम् ॥

સાધનામાં પ્રથમ સ્થાન જ્ઞાનનું છે અને પછીનું સ્થાન દયાનું છે. આ રીતે એટલે પહેલા જાણકાર થયા પછી જ અહિંસાના વ્રતને સ્વીકારીને તમામ સંયમી સાધકો પોતાના સંયમ ઉપર ખડા રહી શકે છે. અજ્ઞાની શું કરી શકે ? જ્ઞાન વગરનો સાધક દયા-પ્રધાન સંયમને શી રીતે પાળી શકે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૩ ] ઓકટોબર : ૧૯૭૬ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | વિનયસૂત્ર | | ૨૧૧ |
| ૨ | नास्ति रागसमो रिपुः | મનસુખલાલ ટી. મહેતા | ૨૧૨ |
| ૩ | નરકનાં ત્રણ દ્વાર | ઇશ્વર પેટલીકર | ૨૧૬ |
| ૪ | અવિસ્મરણિય<br>એક ભાઈ બહેનનો ઝઘડો | દિલીપકુમાર રોય | ૨૨૦ |
| ૫ | અનેકાંતવાદ અને અહિંસા | અમૃતલાલ તારાચંદ | ૨૨૩ |
| ૬ | સં. ૨૦૩૧નો હિસાબ | | ૨૨૬ |
| ૭ | પેટ્રનની નામાવલી | | ૨૩૦ |
| ૮ | વાર્ષિક અનુક્રમણીકા | | ૨૩૩ |
| ૯ | સમાચાર સંચય | | ૨૩૬ |


આ સભાના નવા આજીવન સભ્ય

## રમેશચંદ્ર જેસીંગભાઇ શાહ—મુંબઈ

## લેખકોને વિનંતી

લેખકોને વિનંતી કે તેઓએ પોતાના લેખો **શ્રી જૈન આત્માનંદ સભા,** ખારગેઈટ **ભાવનગર,** એ સરનામે જ મોકલવા.

—તંત્રી

## આત્મકલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઈ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઇ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં આસો સુદી ૧૦ શનિવારના રોજ શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

## .... આ ભા ર .....

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક સ્વ. શેઠશ્રી ભોગીલાલ નગીનદાસભાઈ તરફથી ઘણા વર્ષોથી પંચાંગ ભેટ મોકલવામાં આવે છે. આ વર્ષે પણ સંવત ૨૦૩૩ની સાલના કાર્તિકી જૈન પંચાંગ સભાના બંધુઓને ભેટ આપવા મોકલેલ છે તે માટે અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી છોટાલાલ જમનાદાસ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



વ્યવહાર અને નિશ્ચય, આધ્યાત્મિક અને ભૌતિક એમ બંનેનો સમન્વય જેમના જીવનમાં થયેલો જોવામાં આવે છે, એવા શ્રી છોટાલાલભાઇનો જન્મ આજથી પર વર્ષ પહેલાં સંવત ૧૯૮૧ના મહા શુદિ ૧૩ તા. ૬-૨-૧૯૨૫ના દિવસે તેમના મોસાળ મહુવામાં થયો હતો. તેમનું વતન ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાનું વરલ. તેમના કુટુંબના વડીલ સ્વ. પૂ. કરશન દાદા અને દાદીમા રળિયાતમા, અત્યંત ધર્મનિષ્ઠ અને સેવાભાવી હતા. આ પરિવારમાં આજે તો નાના મોટા લગભગ બસો જેટલા પૌત્રો-પૌત્રીઓ છે. આવા બડભાગી કુટુંબમાં જન્મ પ્રાપ્ત થવો એ પણ પૂર્વ જન્મમાં મહાન પુણ્યકર્મો સંચિત કર્યા હોય તો જ શકય બને. મહુવાના સુપ્રસિદ્ધ શ્રેષ્ઠિવર્ય શ્રી વનમાળીદાસ જાદવજીના તેઓ દૌહિત્ર થાય.

શ્રી છોટાલાલભાઇના માતુશ્રી સ્વ. કપુરબેન તેમને દશ વર્ષના મૂકી સ્વર્ગવાસ પામ્યાં. બાલ્યાવસ્થામાં માતાનું મૃત્યુ એ મોટામાં મોટું દુઃખ છે. પરંતુ માતા વિહોણા અનેક બાળકોમાં કુદરતી રીતે જ બુદ્ધિશક્તિ, તર્કશક્તિ અને સમજણશક્તિનો ભારે વિકાસ થતો જોવામાં આવે છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે, When one door is shut another opens. દુઃખની સાથે સુખની પણ સંકલના રહેલી હોય છે, પણ તે સમજાય છે મોડી મોડી. હળાહળ ઝેર પછી જ શંકરને અમૃતનો સ્વાદ સાંપડ્યો'તો.

વરલમાં પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી શ્રી છોટાલાલભાઇ માત્ર ૧૪ વર્ષની ઉંમરે મુંબઇ આવ્યા અને વધુ અભ્યાસ મુંબઇની યુનિટી હાઈસ્કુલમાં કર્યો. તેમના પિતાશ્રીને મુંબઇમાં કોલસાનો ધંધો હતો અને છોટાલાલભાઈ પણ એ જ ધંધામાં જોડાઈ ગયા. શ્રી જમનાદાસભાઈનો સં. ૨૦૧૬માં સ્વર્ગવાસ થયો. આજથી લગભગ વિસેક વર્ષ પહેલાં શ્રી છોટાલાલભાઈએ કોલસાનું કામ બંધ કરી પોતાનો સ્વતંત્ર ક્રુસિબલમૂસ (ધાતુઓ ગાળવાની કુલ્લી)નો ધંધો શરૂ કર્યો અને તેમાં બુદ્ધિ પૂર્વક અત્યંત વિકાસ કર્યો. તેમને ત્રણ બંધુઓ છે. સૌથી મોટા શ્રી કનૈયાલાલભાઈ અને તેમનાથી બે નાનાભાઇઓ શ્રી ગુણવંતરાય તથા શ્રી ચંપકલાલભાઈ. એક ભાઈશ્રી મનહરલાલ માત્ર ૧૪ વર્ષની વયે જ સ્વર્ગવાસી થયા. શ્રી છોટાલાલભાઇને એક જ બહેન છે, તેમનું નામ હીરાબેન. ભાવનગરવાળા શ્રી વર્ધમાન મનજી તેમના સસરા થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં. ૨૦૦૦ની સાલમાં ૧૯ વર્ષની વયે શ્રી છોટાલાલભાઇના લગ્ન પાલિતાણા નિવાસી (હાલ સુરત) શ્રી નાગરદાસ તારાચંદની પુત્રી ચિ. કલાવતીબેન સાથે થયા હતા. પરંતુ સં. ૨૦૧૫માં કલાવતીબેન એક પુત્ર શ્રી દેવેન્દ્રભાઈ અને બે પુત્રીઓ શ્રી કુમુદબેન અને અને કોકીલાબેનને નાની વયના જ મૂકી સ્વર્ગવાસ પામ્યાં. શ્રી દેવેન્દ્રભાઈ આજે હાર્ડવેરનું કામ કરે છે. શ્રી કુમુદબેનના લગ્ન થઈ ગયા છે.

શ્રી છોટાલાલભાઈના દ્વિતિય લગ્ન સંવત ૨૦૧૬ની સાલમાં રાજપરા નિવાસી શ્રી મણીલાલ નરશીદાસના સુપુત્રી શ્રી પુષ્પાબેન સાથે થયા. તેમને બે પુત્રો છે, મોટા પુત્ર શ્રી દિપકભાઇ કોલેજમાં ઈન્ટર સાયન્સનો અભ્યાસ કરે છે, ત્યારે નાનો પુત્ર શ્રી અતુલ હાઈસ્કુલના છેલ્લા ધોરણમાં છે.

શ્રી છોટાલાલભાઇની સેવા ભાવના તેમજ સમાજને ઉપયોગી થઈ પડવાની તેમની ધગશ ખાસ પ્રશંસાને પાત્ર છે. સેવા ગુણ એ જીવનનો સર્વશ્રેષ્ઠ ગુણ છે, તેથી જ કહેવાય છે કે सेवाधर्मः परमगहनो योगिन मप्यगम्यः અર્થાત્ સેવાધર્મ તો પરમ ગહન છે અને યોગિજનોને પણ દુર્લભ છે. તેઓ જૈન સેવા સંઘના પ્રમુખ છે. જૈન સહાયક ફંડના મુખ્ય કાર્યકર છે અને તન-મન-ધન પૂર્વક તેમાં રસ લે છે. તળાજા બોર્ડીંગની મેનેજીંગ કમિટીના સભ્ય છે. વિસાશ્રીમાળી જ્ઞાતિના સેક્રેટરી છે. જૈન સેવા સમાજ અને બીજી સેવા કાર્ય કરતી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

કુટુંબીજનો પ્રત્યેનો સદ્‌ભાવ તેમજ વડીલો પ્રત્યે તેમનો પૂજ્યભાવ પણ પ્રશંસાને પાત્ર છે. થોડા સમય પહેલાં તેમના કુટુંબના વડીલ શ્રી નાનચંદભાઇ મુળચંદ શાહના મણિ મહોત્સવ પ્રસંગે તેમના પ્રત્યે પૂજ્યભાવ દર્શાવતા શ્રી છોટાલાલભાઇ તેમજ તેમના બંધુઓ તરફથી એક સન્માન પત્ર અને શાલ અર્પવામાં આવ્યા હતા. આવી કુટુંબભાવના વર્તમાન કાળે ક્વચિત જ જોવામાં આવે છે.

જગતમાં અનેક ધર્મો છે અને અનેક ધર્મશાસ્ત્રો છે, પણ આ બધા ધર્મશાસ્ત્રોમાં ઉત્તમોત્તમ કોઈ ધર્મશાસ્ત્ર હોય તો તે 'જીવનશાસ્ત્ર' છે. અનેક શાસ્ત્રો જાણ્યા અને સમજ્યા પછી પણ જો 'જીવનશાસ્ત્ર' ન જાણ્યું હોય તો બધું ફોગટ છે. આ જીવનશાસ્ત્રને એક મહા વિદ્વાને એક જ વાકયમાં સમાવી લેતાં કહ્યું છે કે, "જે પ્રમાણે જીવન ગાળવાથી ઓછામાં ઓછું અકલ્યાણ થાય અને વધારેમાં વધારે કલ્યાણ સધાય તે જ ઉત્તમ અને સાચું જીવનશાસ્ત્ર છે." આ વાત શ્રી છોટાલાલભાઈના ખ્યાલમાં છે એટલું જ નહિ પણ તેને અનુરૂપ જીવન તેઓ જીવે છે.

તળાજાની બોર્ડીંગમાં, પાલિતાણા યશોવિજયજી ગુરુકુળમાં તેમજ ખાસ કરીને મધ્યમવર્ગના લોકોની સેવા કરતી સંસ્થાઓમાં તેઓ યથાશક્તિ દાન આપે છે, તેમજ તન-મન-ધન પૂર્વક પોતાની સેવા પણ આપે છે.

શ્રી છોટાલાલભાઈ જેવા સંનિષ્ઠ, સચ્ચરિત અને સેવાભાવી મહાનુભાવ પેટ્રન તરીકે આ સભામાં જોડાયા તે બદલ અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે અનેક શુભ કાર્યો થાય તેવી હાર્દિક શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૩ | વિ. સં. ૨૦૩૨ આસો : ૧૯૭૬ ઓકટોબર | અંક : ૧૨

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી

# વિનય-સૂત્ર

વૃક્ષના મૂળમાંથી થડ ઊગે છે, થડમાંથી જુદી જુદી શાખાઓ ફૂટે છે, એ શાખાઓમાંથી બીજી નાની ડાળો ફૂટે છે, એ ડાળો પર પાંદડાં ઊગે છે પછી તેને ફૂલ આવે છે, ફળ લાગે છે અને ત્યાર બાદ તે ફળોમાં રસ જામે છે.

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, શ્લાઘા-પ્રશંસા અને કલ્યાણ-મંગળને શીઘ્ર મેળવે છે.

(દશ૦ અ૦ ૯. ઉ૦ ૨. ગાથા ૧-૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नास्ति रागसमो रिपुः

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

પ્રાચીન કાળની કથા છે.

પિતાની સંમતિઅનુસાર ભરત રાજાએ વિશ્વરૂપની પુત્રી પંચજની સાથે લગ્ન કર્યા. પિતાના મૃત્યુ પછી ભરતે ઘણા વર્ષ રાજ્ય કર્યું અને તે દરમિયાન તેને સુમતિ આદિ પાંચ પુત્રો થયા. એ યુગમાં રાજાઓ તેમજ અન્ય સૌ પણ વૃદ્ધાવસ્થામાં બધી જંજાળ છોડી જંગલમાં જઈ આશ્રમમાં રહી સાધના કરતા. ભરત રાજાએ પણ પોતાનું રાજ્ય પાંચે પુત્રોને વહેંચી આપી, પોતે નેપાળમાં જઈ ગંડકી નદીના કિનારે એક આશ્રમમાં રહી સાધના કરવા લાગ્યા.

રાજામાંથી ઋષિ બનેલા એવા ભરત બ્રાહ્મ મુહૂર્તમાં રોજ ચાર વાગે નદીમાં સ્નાન કરવા જતાં અને ધ્યાન તેમજ જપમાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા. પૂર્વ જીવનનું વિસ્મરણ થઈ ગયું. સંસારના વિષયોમાં ફસાયેલાઓને મોહમાયા કનડતા નથી કારણ કે તેઓને કનડવાની જરૂર નથી પડતી, એતો આપ મેળે જ રીબાતા હોય છે. પણ જેઓ વિરક્ત જીવન ગાળતા હોય છે, તેને જ મોહમાયા પજવતા હોય છે. વિશ્વામિત્ર તપસ્વી ન હતાં ત્યાં સુધી મેનકા ચૂપ બેઠી હતી, પણ તેઓ તપસ્વી બન્યાં એટલે તુરત જ મેનકા તેની પાસે દોડી આવી. એટલે મોહમાયાનો વધુ ભય સંસારીઓ કરતાં ત્યાગીઓ અને જ્ઞાનીઓ માટે વધુ હોય છે.

માયા પોતાનું વિશિષ્ઠ સ્વરૂપ ધારણ કરી આવા મહાપુરૂષોમાં પ્રવેશ કરતી હોય છે. ભરતજીનું પણ એમ જ બન્યું. બ્રાહ્મમુહૂર્તમાં ભરતજી જ્યારે નદીમાં સ્નાન કરી રહ્યાં હતાં ત્યારે નદી કાંઠે એક મૃગલી પાણી પીવા આવી. હજુ પાણી પીવાનું શરૂ કરે ત્યાં તો દૂરથી સિંહની ગર્જના સંભળાણી. મૃગલીએ પોતાનો જીવ બચાવવા જોરથી કૂદકો મારી સામે કાંઠે જવા પ્રયત્ન કર્યો. પરંતુ તેમ કરવા જતાં, પ્રસવકાળ નજીક હોવાના કારણે મૃગલીનું બચ્ચુ જન્મીને જળમાં પડી ગયું. બચ્ચાની માતા તો પ્રસવકાળની વેદના અને ભયના કારણે સામે કાંઠે પહોંચતાં જ મૃત્યુ પામી.

ભરત ઋષિનું હૃદય આ દશ્ય જોઇ વિષણ્ણ બની ગયું. તેણે વિચાર્યું કે આની માતા તો મૃત્યુ પામી, હવે એનું લાલન પાલન કરશે કોણ? દયા અને અનુકંપાને વશ થઈ ભરત ઋષિ તો બચ્ચાને પોતાની સાથે આશ્રમમાં લઈ ગયા અને બચ્ચાની માતા બનવા દૃઢ સંકલ્પ કર્યો. વિધિની લીલા પણ કેવી વિચિત્ર છે! સ્વજનોની તૃષ્ણા, ઉપકરણ-વસ્ત્રોની તૃષ્ણા, દેહની તેમજ તમામ પ્રકારના ભૌતિક સુખોની તૃષ્ણા, સત્કાર-માન-પૂજા-પ્રતિષ્ઠાની તૃષ્ણામાંથી મુક્ત થયેલા આ ભરત ઋષિના હૃદય તટ પર પેલી મૃગલીનું બચ્ચુ કામણ જમાવી બેઠું. ધર્મશાસ્ત્રોએ તેથી જ કહ્યું છે કે संजोग-मूला-जीवेण, पत्ता दुक्ख परंपरा। અર્થાત્ જીવને નાશવંત, અનિત્ય એવા જે પદાર્થોનો સંયોગ થાય છે, તે જ દુઃખની પરંપરાના કારણરૂપ બની જાય છે. મૃગલીને પાણીમાંથી બહાર લાવવાનો ભરતજીનો આશય તો પવિત્ર હતો, પણ પછી તેની સાથે માતાનો જે સંબંધ જોડ્યો તેમાં માયાનો-રાગનો ભરતજી પર વિજય હતો. રાગ-માયા અત્યંત ઠગારા અને ધૂર્ત છે, તેની પકડ એવી વિચિત્ર હોય છે કે એની પકડમાં ફસાનારને તો પ્રથમ તે મીઠી મધ જેવી લાગે છે. એમાંથી ઉત્પન્ન થતી પરાધીનતા અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામરતાનો ખ્યાલ તો જીવને બહુ મોડે મોડે આવે છે.

ભરતજી તો પેલી મૃગલીના બચ્ચાનું લાલન પાલન કરવા લાગ્યા. સાધનામાં ખલેલ પડવા લાગી. એક પ્રકારના સંસારમાંથી મુક્ત બની અન્ય પ્રકારનો સંસાર શરૂ થયો. ધીમે ધીમે મૃગલી મોટી થતી ગઈ. ભરતજી તો તેને પ્રેમપૂર્વક રમાડે, ખવરાવે અને પોતાની ગોદમાં પણ બેસાડે. બચ્ચુ આડુ-અવળું જાય કે વહેલું મોડું આવે તો ભરતજીના જીવને ભારે વલોપાત થાય. પૂર્વ સંસ્કારોને માણસ ભૂલી શકે છે, પણ તે ભૂંસાતા નથી. નિમિત્ત મળે એટલે જાગ્રત થઇ આવે છે. જ્યાં રાગ આવે ત્યાં સંસાર ઊભો થાય છે. ગૃહસ્થાશ્રમમાં ભરતજી પોતાના સંતાનોને રમાડતા, એ સંસ્કારો નિમિત્ત મળતાં પાછા જાગ્રત થયા. અલબત્ત, વાસનાનો વિષય બદલાયો પણ તેનું બીજ તો અંતરમાં અવિચ્છિન્નપણે પડેલું જ હતું. વૃક્ષને કાપ્યા પછી પણ તેનું બીજ જમીનમાં જો રહી ગયું હોય, તો નિમિત્ત મળતાં એ બીજ વૃક્ષનું રૂપ ધારણ કરે છે. જેવું વૃક્ષનું, તેવું જ વાસનાનું પણ છે.

જ્ઞાની મહાત્માઓએ તેથી જ કહ્યું છે કે, પરમાત્માનું ધ્યાન કદાચ ન થઈ શકે તો પણ ચાલશે, પણ જગતના કોઈ સ્ત્રી પુરૂષ કે જડ પદાર્થોનું ધ્યાન તો ન જ કરવું. निःस्नेहो याति निर्वाणं स्नेहोऽनर्थस्य कारणम् રાગમુક્ત દશા એ જ નિર્વાણ છે અને રાગ એ જ તમામ અનર્થોનું મૂળ છે. જૈનકથા સાહિત્યમાં એક સાધ્વીજીની કથા આવે છે. જ્ઞાની, તપસ્વી અને શુદ્ધ ચારિત્રના એ સાધ્વીજીએ દીક્ષા લેતી વખતે છૂપી રીતે એક હીરો પોતાની પાસે રાખેલો અને અંતકાળ સુધી તેના રાગમાંથી મુક્ત ન બની શકયા. એવા રાગને કારણે કાળ-ધર્મ પામ્યાં પછી, એવા નિર્મળ ચારિત્રવાળા સાધ્વીજીના જીવને માત્ર રાગના કારણે પેલો હીરો હતો તેની નજીક ગરોળીરૂપે જન્મ લેવો પડ્યો. ત્યાગ જેમ માનવને સફળતાના શિખરે પહોંચાડે છે, તેમ રાગ માનવીને એ શિખર નીચેની ઊંડી ખાઇમાં ધકેલી દે છે. શિખર જેટલું ઊંચુ તેટલી જ તેની ખાઈ પણ ઊંડી.

ભરત ઋષિની બાબતમાં પણ કાંઇક આવું જ બન્યું. ભરત ઋષિનો અંતકાળ નજીક આવ્યો અને તે વખતે પેલી મૃગલી પ્રેમભાવે ઋષિના દેહને ચાટ્યા કરતી હતી. પશુઓમાં પણ રાગ તો હોય જ છે. કોઇ કોઈ વખતે ઘોડો, કૂતરો કે ગાય પોતાના પ્રિય માલિકનું મૃત્યુ થતાં અનાજ-પાણીનો ત્યાગ કરી દઈ પોતાનો પ્રાણ ત્યજી દે છે. અલબત્ત, અહિં તો એક મહા જ્ઞાની, મહા તપસ્વી અને મહા ત્યાગી ઋષિ મુનિ હતા. પરંતુ રાગની નાગચૂડ તો એવી ભયંકર હોય છે કે, તેની પકડમાંથી આવા મહાત્માઓ પણ છૂટી શકતા નથી. મૃત્યુ વખતે ભરત ઋષિ વિચારી રહ્યાં હતાં કે હવે આ નિરાધાર મૃગલીની સાર-સંભાળ કોણ કરશે? તેઓ ભારે વિહ્વળ થઇ ગયા અને એવી દશામાં પ્રાણ છોડી, ભરતજીના જીવે એ જ મૃગલીની કૂખમાં જન્મ ધારણ કરી મૃગરૂપે જન્મ્યાં. આનું જ નામ विचित्रा कर्मणां गतिः ખરેખર! કર્મરાજાને કોઈની પણ શરમ પહોંચતી નથી.

ભરત જેવા મહાન ઋષિને રાગબદ્ધ સ્થિતિના કારણે મૃગરૂપે જન્મ લેવો પડ્યો. આપણે ત્યાં કહ્યું છે કે કોઈ પણ જીવના દુઃખના નિમિત્ત રૂપ કદી ન બનવું, કારણ કે ઘણી વખત ઉત્તમ આત્માઓને પણ નજીવી ભૂલના કારણે હલકી યોનિમાં જન્મ લેવો પડતો હોય છે. જીવની વાત તો બાજુએ રહી, પણ જડ પદાર્થોની બાબતમાં પણ હંમેશા સાવચેતી પૂર્વક વર્તવું. ઋષિ પત્ની અહલ્યા જેવી સુશીલ સ્ત્રીને પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરા જેટલી સ્ખલના માટે શિલારૂપ બનવું પડયું' તું. માનવમાત્રે પવિત્ર અને વિશુદ્ધ બનવું જોઇએ કે જેના સંસર્ગથી જડનું પણ પરિવર્તન થાય. રામના વનવાસ વખતે, વનમાં તેના પગની રજ અહલ્યા રૂપ પેલી શિલા પર પડી અને એ રજના સ્પર્શથી શિલાનું નારીમાં પરિવર્તન થયું. જીવનની વિશુદ્ધતા અને પવિત્રતાનો આવો અનોખો પ્રભાવ છે.

મૃગ સ્વરૂપે પણ ભરતઋષિને તેના પૂર્વભવનું જ્ઞાન હતું. દેહ મૃગનો મળ્યો પણ તેની અંદર આત્મા તો ઋષિનો જ હતો. રાગના કારણે તેણે મૃગ બનવું પડયું, કારણ કે કર્મનો સિદ્ધાંત દરેક જીવને એક સરખો લાગુ પડે છે. ત્યાં કોઈ લાગવગ કે લાંચ રુશવત ચાલી શકતી નથી. મૃગે નદી કાંઠે રહી વૃક્ષના સુકા પાંદડા ખાઇને જીવન પસાર કર્યું અને આયુષ્ય પૂર્ણ થયા પછી એક બ્રાહ્મણ દંપતીને ત્યાં પુત્ર રૂપે જન્મ લીધો. એ વખતે પણ તેને તેના પાછલા બંને જન્મોની સ્મૃતિ હતી. રાગ–દ્વેષમાંથી મુક્ત થયા વિના જીવને મુક્તિ પ્રાપ્ત થઇ શકતી નથી, એ નગ્ન સત્ય તેને પૂરેપૂરું સમજાઈ ગયું હતું. દ્વેષ એ કડવું ઝેર છે, જે સહેલાઈથી છોડી શકાય છે, પણ રાગ એતો સ્વાદિષ્ટ ઝેર છે. તેમાંથી મુક્ત થવું એ લોખંડના ચણા પચાવવા જેવું દુષ્કર છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે તેથી જ રાગની સજઝાયમાં કહ્યું છે કે, "રાગે વાહ્યા હરિહર બ્રહ્મા રે, નાચે નાચે કરે અચંભા રે." અર્થાત્ હરિ, હર, બ્રહ્માદિક લૌકિક દેવોએ પણ રાગને પરવશ પડી જવાથી કઈક પ્રકારની કુચેષ્ટાઓ કરેલી છે અને તેથી તેઓ તત્ત્વગવેષી મધ્યસ્થ જનોમાં ઉપહાસ પાત્ર થયેલા છે. મદિરાનો નશો માણસને પાગલ બનાવે છે, પણ રાગનો નશો માણસને અંધ બનાવે છે.

હવે તો ભરતજી મોટા ભાગે મૌન જ રાખે છે. કોઇ જીવ પ્રત્યે કે પદાર્થ પ્રત્યે રાગ ન થાય એ રીતે સાવચેતી પૂર્વક જીવે છે. મૌનાવસ્થાના કારણે લોકો તેને 'જડભરત' તરીકે ઓળખે છે. સંસારના લોકોને સંત અને મુનિજનો જડરૂપ ભાસે છે, પણ જ્ઞાન દૃષ્ટિએ તો સંસારના ભૌતિક સુખમાં રચ્યા પચ્યા રહેતા જ સાચા જડ છે. જીવને આ દેહનો તેમજ અન્ય ભોગ પદાર્થોનો જે સંયોગ છે, તે બધું મિથ્યા અને સ્વપ્ન જેવા અસાર છે. આ બધા જગતની એંઠ રૂપ છે, કારણ કે જીવને આવી બધી સામગ્રીઓ અનેકવાર મળી છતાં કયારેય તૃપ્તિ નથી થઈ અને કદી થવાની પણ નથી. તૃપ્તિ ત્યાગમાં છે ભોગમાં નથી. ત્યાગના માર્ગે ગયા વિના જન્મ–મરણની આળપંપાળમાંથી છુટી શકાતું નથી.

લોકો દંભીને પૂજે છે, સાચાને પીડે છે. ભરતજીના જીવન અંગે પણ આમ જ બન્યું. એક વખત રહૂગણ રાજા પાલખીમાં બેસી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા કપિલમુનિ પાસે જઇ રહ્યા હતા. પણ વચમાં પાલખીનો એક ભોઇ ભાગી ગયો, એટલે ગામ લોકોએ તેની જગ્યાએ જડ ભરતને પસંદ કર્યો. જ્ઞાનીઓ જગતના રંગરાગ અર્થે નથી જીવતા, તેઓ જીવે છે પ્રારબ્ધ કર્મો ભોગવી લેવા માટે. ભરતજી પાલખી ઉપાડતાં વિચારે છે કે પાછલા જન્મમાં અનેકની પાસે મારી પાલખી મેં ઉપડાવી છે, હવે એ પ્રારબ્ધ કર્મ આ રીતે ભોગવાય જાય તો તેમાં શું ખોટું છે? ભરતજી વચમાં વચમાં કૂદકો મારે અને પાલખી ઉપરનો દાંડો રાજાને વાગે બે ત્રણ વખત આમ બનતાં રાજા વિફર્યો અને બોલ્યો: 'એય જડભરત! હું રહૂગણ રાજા છું, તારા જેવો જડભરત નથી. ફરી વખત આમ વાંદરાની માફક કૂદકો મારીશ, તો ઘાણીમાં પીલી તારો જાન લઇશ!'

ભરતે વિચાર્યું કે આ બાપડો રાજા બ્રહ્મજ્ઞાન લેવા જાય છે, એટલે એવા જ્ઞાન માટે લાયક બને તેવો કાંઇક ઉપદેશ આપું! ભરતે



For Private And Personal Use Only

રહૂગણુને કહ્યું: 'રાજન! બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રથમ તો તારે વિનમ્ર બનવું પડશે. નમ્ર બન્યા વિના જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી. પગ તળે જીવ જંતુ આવે એટલે તેને બચાવવા માટે કૂદકો મારવો પડે છે. તું મારા દેહને ઘાણીમાં પીલીશ તો પણ તેથી કાંઈ મારા આત્માનો નાશ થવાનો નથી. આત્મા તો અમર્ત્ય, અજર અને અમર છે, તેનો કદી પણ નાશ થઇ શકતો નથી. તલવાર અને મ્યાનની માફક દેહ અને આત્મા પણ ભિન્ન ભિન્ન છે અને એ બંનેના ધર્મો પણ ભિન્ન ભિન્ન છે. આત્મા નિર્લેપ છે, મનનો દૃષ્ટા છે, સાક્ષી છે. તારા અને મારા દેહનો નાશ તો એક દિવસ નિશ્ચિત છે, કારણ કે એજ દેહનો ધર્મ છે. દેહ તો આપણે અનંતીવાર પ્રાપ્ત કર્યાં અને નાશ પામ્યા, પણ ખેદની વાત તો એ છે કે તેમ છતાં ભવભ્રમણનો અંત ન આવ્યો. દરેકે દરેક આત્મામાં પરમાત્માનો અંશ રહેલો છે, તો પછી તેમાં રાજા કોણ? નોકર કોણ? માટે રાજન! જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો નમ્ર બની જા! અહંભાવીને જ્ઞાન કદી પણ પ્રાપ્ત થઈ શકતું નથી.

ભરતજીની વાત સાંભળી રાજા એકાએક પાલખીમાંથી નીચે કૂદી પડ્યો અને તેના ચરણો પકડી લીધાં. પોતાના પાછલા બંને ભવોની વાત કરી ભરતજીએ કહ્યું: 'રાજન! તું તો માત્ર સિંધુ દેશનો રાજા છે, પણ હું તો મહાન રાષ્ટ્રનો રાજવી હતો. રાજપાટ પુત્રો, પુત્રીઓ, સુકોમળ પત્ની, ભવ્ય રાજમહાલય, મોજશોખના વિપુલ સાધનો, અનેક દાસદાસીઓ, અપૂર્વ કીર્તિ અને માનપ્રતિષ્ઠા—આ બધાનો ત્યાગ કરી આત્મસાધના અર્થે હું વનમાં ગયો, પણ પ્રારબ્ધકર્મ બાકી હશે એટલે એક મૃગલીના બચ્ચા પ્રત્યે રાગ થયો. એ રાગના બંધનમાંથી હું મુક્ત ન બની શક્યો અને એના ફળ રૂપે રાજન! આજે તારી પાલખી ઉપાડવાનો વખત આવ્યો. માટે બ્રહ્મજ્ઞાન જરૂર પ્રાપ્ત કર, પણ ભૂલે ચૂકે રાગના બંધનમાં કદી ન ફસાતો.'

શ્રીમદ્ ભાગવતની કથાના ચોથા સ્કંધમાં આ કથાને અંતે કહેવામાં આવ્યું છે કે 'જડ-ભરત'નો જન્મ એ ભરતઋષિનો અંતિમ ભવ હતો અને ત્યાં તેમના ભવભ્રમણનો અંત આવી ગયો. ધર્મશાસ્ત્રોએ સ્પષ્ટ કહ્યું છે કે જીવે સંયોગના કારણથી જ દુઃખની પરંપરા પ્રાપ્ત કરેલી છે, તેથી સર્વ પ્રકારના સંયોગ સંબંધ મન, વચન અને કાયા વડે ત્યાગ કરવા યોગ્ય છે.

卐


જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ▭ ભાવનગર ▭ ફોન નં. 4525

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નરકના ત્રણ દ્વાર

લેખક : ઇશ્વર પેટલીકર

[ આપણે ત્યાં કહ્યું છે કે आचारः प्रथमो धर्मः જ્ઞાન ગમે તેટલું હોય પણ જો એ જ્ઞાનને અનુરૂપ આચરણ ન હોય, તો તેવા જ્ઞાનનો કોઈ અર્થ નથી. માનવી પોતાના મનને પૂછે કે તેને જે સંપત્તિ, સુખ પ્રાપ્ત થયા છે તેને તે લાયક છે કે નહિ? તટસ્થ દષ્ટિએ આ પ્રશ્નનો વિચાર કરશો તો લાગશે કે તેને તે લાયક નથી. લોભવૃત્તિને સંતોષથી ડામવી જોઇએ. વધારે મેળવવાની ઇચ્છા કરવાથી જ પાપ કરવાનું મન થાય છે. જે માણસ એમ માને છે કે મને ઓછું મળ્યું છે, તે જ માણસ પાપ માર્ગે ધન પ્રાપ્ત કરવા લલચાય છે પ્રધાનતા ધનની નથી પણ ધર્મના છે. ધનથી સુખ પ્રાપ્ત થાય છે એ જગતનો એક મોટામાં મોટો ભ્રમ છે. સુખ જોઈએ છીએ? સુખ સંયમ, સદાચાર અને સંસ્કારથી પ્રાપ્ત થાય છે જીવનને અંતે આપણી સાથે ધન નહિ, ધર્મ આવે છે ધનને મહત્ત્વ આપનારનું જીવન આધ્યાત્મિક દષ્ટિએ કંગાલ બની જાય છે અને ભૌતિક દષ્ટિએ પણ તેનું જીવન અશાંત અને કલેશમય થઈ જાય છે. જે માર્ગે સર્પનો રાફડો હોય અગર હડકાયા કૂતરાનો વાસ હોય, તે માર્ગે આપણે નથી જતા. પરંતુ ધન પ્રાપ્ત કરવા અર્થે પાપ–અન્યાય–અનીતિના માર્ગે જવું એ તો પેલા સર્પના રાફડા અગર હડકાયા કૂતરાના માર્ગે જવા કરતાં પણ વધુ બદતર છે. કર્મનો કાયદો સ્પષ્ટ કહે છે કે તમે જે કાંઈ ખોટુ કરશો, તેનું ફળ અવશ્ય ભોગવવું જ પડવાનું. માણસના દુષ્કર્મનું ફળ કેવી કેવી રીત ભોગવવું પડે છે, તેનો સરસ ખ્યાલ લેખકે પ્રસ્તુત લેખમાં આપેલ છે.

—સંપાદક ]

માણસ અમુક વિષયની બાબતનો અજાણ હોય તો એને અજ્ઞાની ગણવામાં આવે છે. આ સામાન્ય વ્યવહારનો ગજ છે. પરંતુ ગીતાની પરિભાષામાં કોઈ ગમે તેટલો બહુશ્રુત હોય, તો પણ એ મહાઅજ્ઞાની હોઈ શકે, અને માતૃભાષાની ફક્ત ચાર જ ચોપડી ભણેલો રામકૃષ્ણ પરમહંસ જેવો દુનિયાદારી વિષે ખાસ જાણતો હોય તો પણ મહાજ્ઞાની હોઈ શકે. હિંદુ ધર્મના શબ્દકોષ પ્રમાણે જે કેવળ ભૌતિક જીવનનો ખ્યાલ કરી તેના સુખ માટે પ્રવૃત્તિ કરે છે તે અજ્ઞાની છે.

આ અજ્ઞાનના પ્રતાપે જ લોકોને મુખે સાંભળવા મળતું હોય છે કે સત્ય અને ધર્મનો મહિમા સાંભળવામાં ગમે તેટલો સારો લાગતો હોય, પણ વ્યવહારમાં જુઠ–અસત્ય–અનિતિ વિના ચાલે નહિ! જેમણે કેવળ ભૌતિકજીવનનો સ્વીકાર કર્યો છે, તેમને એ અનુભવ થાય છે તેની ના પણ નહિ. ભૌતિક જીવન એટલે કામના ઓનું જીવન હું આજ આટલું કમાયો છું, આવતી કાલે બમણું કમાઇશ અને પરમ દિવસે સૌથી વધુ કમાઈશ. મેં મોટા ભાગના મારા હરીફોને ધૂળ ચાટતા કરી દીધા છે, બાકી રહ્યા છે તેને કાલે પૂરા કરીશ, પરમ દિવસે મારા તરફ કોઈ ઉંચી આંખ કરવાની હિંમત નહિ કરે! હું આજે રાજવૈભવ ભોગવું છું, આવતી કાલે ઇંદ્રવૈભવ ભોગવીશ અને પરમ દિવસે ખુદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષ્ણુને પણ ઈર્ષા થશે તેવા વૈકુંઠમાં બિરાજીશ અને મારી સોડની રૂપસુંદરીને જોઈ લક્ષ્મીનું અભિમાન પણ ઉતરી જશે.

આ પ્રકારની કામનાઓ માનવી કપટ, છેતરપિંડી, જુઠ વગેરે અનિતીને માર્ગે સાધ્ય કરતો જાય છે અને ધર્મ એને કયાંય આડે આવતો નથી કે અસત્યને લીધે એના પાસા કયાંય પોબાર ન પડ્યા હોય તેવું બનતું નથી. આથી એને ઘડીભર થાય છે કે ઇશ્વરનું તૂત થોડા વેદિયાઓએ નાહક ઉભું કર્યું લાગે છે. એ છે જ નહિ, કેવળ અજ્ઞાનીઓને એની બીક બતાવી પુરોહિતો એમનો ધંધો ચલાવે છે! જો એ હોય તો ધર્મ કહે છે તેમ મને દંડ ન દે! હું ભોગવિલાસ માણું છું, છતાં મારી તંદુરસ્તીને આંચ આવી નથી, દગા ફટકાથી ધંધો કરું છું છતાં ખોટ આવી નથી, નફો જ નફો લણું છું, મારી પ્રતિષ્ઠા પણ વધતી જ રહી છે. સત્તા ઉપર બેઠેલા પ્રધાનો પણ મારી ખુશામત કરે છે, પુરોહિતો-સેવકો પણ મને માન આપે છે, પછી લોકો મારી શેહમાં તણાય એમાં શી નવાઈ છે? આ દુનિયામાં હું નથી માનતો કે મારા જેવો કોઈ સુખિયો હોય! જો પ્રભુ છે અને તે અધર્મીને શિક્ષા કરે છે, તેમ વેદિયા માને છે તો એ કયાં ઉંઘે છે?

આ પ્રકારના અજ્ઞાનમાં કેવળ એ વર્ગ જ ખેંચાય છે તેમ નહિ, જે ધર્મભીરુ છે અને નીતિથી જીવવા પ્રયત્ન કરે છે, તેને પણ શંકા થતી હોય છે કે આવા અનીતિમાનોને પ્રભુ કેમ શિક્ષા નહિ કરતો હોય? અમુક શ્રદ્ધાળુ એવું પણ માનતા હોય છે કે ફલાણાએ એવાં કાળા કામો કર્યા છે કે, એ મરશે ત્યારે કીડા પડશે! મતલબ કે રોગથી રિબાઈ રિબાઇને મરશે. વળી અનીતિથી ધન મેળવ્યું છે એટલે એનું ભગવાન ઝૂંટવી લીધા વિના નાહ રહે. પરંતુ એવી શિક્ષા પ્રત્યક્ષ થતી જોવા મળતી નથી ત્યારે ધર્મનો જય અને અધર્મનો ક્ષય એ ન્યાય કેમ ન થયો, તેમ વિમાસણ થાય છે.

આ પ્રકારના ન્યાયની કલ્પના ઇશ્વરને કોઇ રાજા જેવો હાજરાહજૂર કલ્પવામાંથી ઊભી થયેલી છે. જેમ કોઈ ગુના બદલ પૃથ્વી ઉપરનો રાજા નાગરિકને સજા કરે અને તેની માલ-મિલકત લૂંટી લે, તેમ સ્વર્ગમાં બેઠેલા પ્રભુએ શિક્ષા કરવી જોઇએ. પરંતુ ઇશ્વર દેહધારી દેવ નથી, સર્વ વ્યાપક ચૈતન્ય સ્વરૂપ છે. એના વિનાની કોઇ જગા ખાલી નથી એમ કહેવામાં આવે છે, તે કેવળ એનો મહિમા ગાવાની કલ્પના નથી, હકીકત છે. છતાં સર્વ જગાએ એ ચૈતન્ય નરી આંખે ન દેખાતું હોય તો તેનું કારણ એ ચૈતન્ય એક સરખું વિદ્યમાન નથી. આ સર્વવ્યાપક ચૈતન્યનો ન્યાય પૃથ્વીના રાજાના કાયદા જેવો નથી. એનો ન્યાય સર્વ ધર્મે સ્વીકાર્યો છે તે પ્રમાણે કર્મફળનો ન્યાય છે. કર્મમાં ફળ અને શિક્ષા બંને સમાયેલાં છે. માણસે જીવનનિર્વાહ માટે કર્મ ન કરવું, કમાવું નહિ, તેમ ગીતાએ કહ્યું નથી. ગીતા તો આગ્રહ કરે છે કે કર્મ કરીને, કમાઇને જ જીવન-નિર્વાહ કરવો જોઈએ. જીવનનિર્વાહમાં જરૂરી-યાતોને સ્થાન છે અને ભૌતિક જીવનની એ જરૂરિયાતો અન્ન, વસ્ત્ર અને રહેઠાણ સ્વીકારાયેલી છે. ગીતા કાળમાં એનું જે સ્વરૂપ હતું તે જ આજે પણ રહેવું જોઇએ એમ જડ વલણ રાખવાનું ન હોય. આ જરૂરિયાતો જમાને જમાને બદલાતી રહે તો પણ એણે એક ધ્યેય ચૂકવાનું નથી કે ભૌતિક જીવન જેવું જ માનવીને આધ્યાત્મિક જીવન પણ છે અને જેનો ભોગ લેવાય તેવી વકરેલી એ જરૂરિયાતો ન હોય. જો એ જરૂરિયાતોને વકરાવશે અને કામ-નાઓને છૂટો દોર આપશે, તો એની શિક્ષા એ કર્મમાં જ રહેલી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમેરિકાનો બહુજન નાગરિક, યંત્ર યુગ પહેલાંના કાળમાં જે સુખ-સગવડો રાજા મહારાજાઓએ પણ ભોગવી નહોતી તે આજે ભોગવતો થયો છે અને આવતી કાલે ચંદ્ર ઉપર પણ સવારી લઈ જશે. પરંતુ આ જરૂરિયાતો-સુવિધાઓ વટાવી જઈને કામનાની દોટમાં પ્રવેશ થયેલો હોઈ એની શિક્ષા પણ એને ભોગવવી પડે છે. જગતના એ સમૃદ્ધમાં સમૃદ્ધ દેશમાં ગાંડાઓની સંખ્યા સૌથી વધુ છે. માનસિક દર્દોથી પીડાતાની સંખ્યા પણ વધુ છે. ગરીબાઇ જ ગુનાઓની જનેતા મનાય છે, પરંતુ શ્રીમંતાઈ પણ સરખી જ જનેતા છે, એટલે ગુનાઓનું પ્રમાણ, ચોરી, લૂંટ, ખૂન, બળાત્કાર, ભૌતિક સમૃદ્ધિ વધવા સાથે વધતાં રહ્યાં છે!

માનવી આધ્યાત્મિક જીવનની અવગણના કરીને કેવળ ભૌતિક સુખની કામના કરે છે ત્યારે એ સફળ થાય તો લોભની અને નિષ્ફળ જાય તો ક્રોધની શિક્ષા થાય છે. કામનામાં સફળ થતાં આજે આ મેળવ્યું તો આવતી કાલે પેલું, એમ તેનો લોભ બળતામાં ઘી હોમાય તેમ પ્રદીપ્ત થતો જાય છે. એ આધ્યાત્મિક જીવનની પરવા ન કરે કે ઇશ્વરના ન્યાયને હસી કાઢે, તેથી એ કાંઈ મિથ્યા થતાં નથી. અંધ પ્રકાશનો ઇન્કાર કરે તેથી પ્રકાશનું અસ્તિત્વ લોપ થતું નથી. કામનાઓની શિક્ષા લોભ અને ક્રોધ છે. લોભ વધતો જાય તેમ અસંતોષ વધતો રહે છે. લોભની આ દોડથી એને માનસિક તાણ પડે છે, મીઠી પેશાબ કે હૃદય રોગનો હુમલો થાય છે. આ દર્દો નવા યુગમાં માનસિક તાણને લીધે પેદા થયેલાં છે અને કૃષિ જીવનમાં એ તાણ નથી. ત્યાં એ દર્દો પ્રમાણમાં જવલ્લે જોવા મળે છે. જ્યાં લોભ પેદા થાય તેટલા પ્રમાણમાં કામના ન સંતોષાય ત્યાં એનાથી ઊલટી ક્રોધની શિક્ષા થાય છે. એને પોતાને ખબર હોતી નથી કે એમની કામના જરૂરી છે કે નહિ? સુખદાયક છે કે નહિ? ગરીબ માણસ માને છે કે એને રહેવાને નાનું સરખું ઘર, સારી રીતે નિર્વાહ ચાલે તેટલી આવક હોય તો એ સુખી થશે. પરંતુ એ પ્રાપ્ત થાય છે ત્યારે એને નાના ઘરથી સંતોષ થતો નથી. એનું કારણ એ નહીં કે મોટાની એને જરૂર છે, પરંતુ બીજાઓ એથી મોટા અને વૈભવી આવાસમાં રહે છે એટલે એના જેવું રહેઠાણ ન મળે ત્યાં સુધી સુખ દૂર લાગે છે. એ પગે ચાલતો કામે જતો હતો ત્યારે એને સાઈકલની જરૂર લાગી. સાઇકલ આવી ત્યારે સ્કુટરની જરૂર દેખાઈ. એ પ્રાપ્ત થયું ત્યારે કાર વિના સુખ દૂર જતું રહ્યું. કાર આવ્યા પછી એને નવી ઝંખના નહિ રહે તેમ માન્યું હતું, પરંતુ એ આવી ત્યારે ખબર પડી કે બીજાના જેવી મોટી સગવડવાળી કારનું દુઃખ સાલવા માંડયું. એ બધાને એ જીવનની જરૂરિયાત માને છે અને એને પ્રાપ્ત કરવાથી જીવન ધોરણ ઊંચુ જાય છે તેમ એને ભણાવવામાં આવ્યું છે. એ માટે એને વધુને વધુ ધન જોઇએ છે અને એ ધન મળવાને કારણે એની જરૂરિયાતો વધતી જ જાય છે.

ગામડા ગામમાં સ્ત્રીને જાતે દળવાનું, ખાંડવાનું, કૂવેથી પાણી ભરવાનું હોય છે એટલે એને હલર, ઘંટી અને પાણીના નળ આવતાં સુખ લાગે છે. પરંતુ શહેરમાં એ સુખ ગૃહિણીને પહેલેથી પ્રાપ્ત થયેલું છે એટલે ઘર સાફસૂફ કરનાર, કપડાં-વાસણ ધોનાર નોકરની જરૂરિયાત લાગે છે. એ હોય તો એ બહારની પ્રવૃત્તિ કરી શકે અને એનું જીવન ચાર દીવાલની બહાર નીકળે, પરંતુ નોકરની જરૂરિયાત સંતોષાતાં એને બાળકો સાચવનાર આયાનો અને તે પ્રાપ્ત થતાં રસોયાની જરૂર લાગે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે ઘરમાં રસોયા છે તે ઘરમાં નજર કરવામાં આવશે તો મોટા ભાગમાં રસોયાની જરૂરિયાત એ માટે ઊભી થઈ છે કે ધનની છત થઈ છે. ઘરમાં એટલું બધું કામ વધી ગયું હોતું નથી કે રસોયાની જરૂરિયાત હોય. આમ જરૂરિયાતો વધારતા જવાથી તે વધતી જ જાય છે અને તે માટે ધન પાછળ રેસમાં ઊતરવું પડે છે. આ રેસ એવી નથી કે બધાનો ઘોડો વીનમાં આવે. જેનો ઘોડો પાછળ રહી જાય છે તેને ક્રોધ, હતાશા, ઈર્ષ્યા, વેર વગેરે લાગણીઓ જન્મ્યા વિના રહેતી નથી. આ માનસિક તાણને લીધે મગજનાં દર્દો વધતાં રહે છે.

ભારતમાં વાહનો ઝડપથી હાંકવાથી અકસ્માતો થાય છે, ત્યારે અમેરિકામાં એથી ઊલટું છે–વાહનો ધીમે હાંકવાથી અકસ્માતો થાય છે! ત્યાં વાહનો એટલાં બધાં છે કે એક રસ્તા ઉપર જવા આવવાની ત્રણ ત્રણ લાઇનો હોય છે. દરેક લાઇનમાં ગતિનો તફાવત હોય છે, સૌથી ઝડપથી હાંકનારની એક હાર, મધ્યમની બીજી અને તેથી ઓછી ત્રીજી એ ગતિ પ્રમાણે લાઇનની બદલી કરી નાખવાની હોય છે. આથી ઝડપથી ગતિ ધીમી કરવા જાય કે પાછળથી સ્પીડે આવતા વાહનનો અકસ્માત થતો હોય છે. મતલબ કે અમેરિકામાં વાહનની માફક જીવનની ગતિ ધીમી ચાલતી નથી આથી. ભારતમાં ગરીબાઈનાં દુઃખોના ભોગ લોકોને થતા જોવા મળે છે, તો અમેરિકામાં શ્રીમંતાઇના દુઃખોનો ભોગ થાય છે. પ્રભુ ધન શિક્ષા કરીને ઝૂંટવી લેતો નથી, પરંતુ કર્મના ફળ રૂપે લોભ અને ક્રોધ નિરાશાના ફળની શિક્ષા મળતી હોય છે.

ગરીબ માણસને ધનમાં જ સુખ દેખાય છે એટલે એને લોભ અને ક્રોધની શિક્ષા ધનનો લાભ મળતો હોય તો કંઈ વિસાતમાં લાગતી નથી એ શિક્ષા વેઠી લઇને પણ શ્રીમંતાઈનું ફળ ચાખવા મળતું હોય તો એમાં એ નફાનો ધંધો માને છે. પરંતુ ગીતા–હિંદુ ધર્મ એને સૌથી મોટામાં મોટી શિક્ષા માને છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકના દ્વાર છે. ગરીબાઈનાં દુઃખ માણસ ધર્મ માર્ગે પુરુષાર્થ કરે તો સહેલાઇથી ફેડી શકે છે, પરંતુ શ્રીમંતાઇ માટે ધર્મ વિહીન માર્ગ લીધા પછી એનાં જે દુઃખ પેદા થાય છે, તે ફેડવા એટલાં સહેલા નથી. અજ્ઞાનને લીધે માણસને તે સમજાતું નથી. જે કામનાઓ પાછળ ધર્મ વિમુખ થઇને પડેલો હોય તે સાચા અર્થમાં અજ્ઞાની છે.


પાઠશાળાઓ, ધાર્મિક શિક્ષકો અને યુવાન પ્રજાનું
અત્યંત લોકપ્રિય માસિક

**જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા**

સુંદર બોધદાયક કથાઓ તેમજ પાઠશાળા અંગે પ્રેરક અને
માર્ગદર્શક લેખો દરેક અંકમાં આપવામાં આવે છે.

છેલ્લા ૧૯ વર્ષથી જૈન સમાજની અનુપમ સેવા કરતું માસિક

**વાર્ષિક લવાજમ રૂા. ૫-૦૦**

વિગત માટે લખો :—

**જૈન ધાર્મિક શિક્ષણ સંઘ**

ઠે. શાંતિનાથજી જૈન દહેરાસર, પાયધુની, મુંબઈ નં. ૪૦૦૦૦૩




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અવિસ્મરણીય

## એક ભાઈ-બહેનનો ઝઘડો

લેખક : શ્રી દિલીપકુમાર રોય

મારા જીવનની આ એક અવિસ્મરણીય ઘટના ઘણાં વર્ષો પૂર્વે બની હતી પણ સ્મરણ-પટ પર તે ચિરકાળ માટે અંકિત થઇ ગયેલી છે. એમાં ત્રણ જ પાત્રો હતાં—મારા મહાન પિતા અને અમે બે તેમનાં પ્રિય બાળકો. હું ત્યારે આઠ વર્ષનો કિશોર હતો અને પોતાના લાવણ્ય અને મીઠા સ્વભાવથી સર્વને પ્રિય એવી મારી બહેન છ વર્ષની હતી.

મારા પિતા દ્વિજેન્દ્રલાલ રોય એક તેજસ્વી કવિ, કટાક્ષ લેખક, ગીતકાર અને નાટ્યકાર હતા. સાહિત્યકારો, સંગીતકારો અને નાના મોટા અસંખ્ય પ્રશંસકો એમની ચાહના મેળવવા હંમેશ આતુર રહેતા. તેઓ બધા દરરોજ એમની બેઠકમાં ભેગા થતા અને પિતાને કાવ્યો અને ગીતો સંભળાવતા. તે એક ચિત્તે સાંભળતા અને ઘણીવાર તે સાંભળીને આંસુ વહાવતા. માર્દવ, સંસ્કારિતા અને આતિથ્ય માટે સુકીર્તિ મેળવનાર અમારી માતા ૨૭ વર્ષની વયે અકાળ અવસાન પામી હતી. અમે બે બાળકો ત્યારે નાનાં હતાં અને અમે શું ગુમાવ્યું છે તેનું અમને ભાન પણ નહોતું. પણ પિતા તેને ખૂબજ ચાહતા હતા અને બાર વર્ષ બાદ પોતે મૃત્યુ પામ્યા ત્યાં સુધી તેનો શોક કરતા રહ્યા હતા. પિતા પાછલી ત્રીશીમાં જ હતા છતાં પુનઃ લગ્ન કરવા મિત્રો જ્યારે જ્યારે તેમને દબાણ કરતા ત્યારે તેઓ કહેતા કે માણસ ઘણીવાર પરણી શકે, પણ એકથી વધુ વાર ચાહી શકે નહિ. સાથે કટાક્ષમાં તેઓ ઉમેરતાં 'મારા માટે તો કાર્ય નિર્માઇ ચૂક્યું છે. નાના બે બાળકો પ્રત્યે પાડોશીઓ અશ્રુ સારવા લાગી જઇને જે દયા બતાવે છે તેમાંથી મારે તેમને બચાવવાનાં છે અને મારાં સાહિત્યિક છોડવાંઓને ભિન્ન વિવેચકોના વાવાઝોડાં સામે રક્ષવાના છે.'

પિતાએ એ વચન પાળ્યું. તેમના કરતાં વધુ ખંતીલા અને માયાળુ પિતા તેમજ વધુ સભાન અને પરિશ્રમશીલ કલાકાર કદી થવાના નથી. માત્ર બે વસ્તુઓ માટે જ તેઓ જીવતા, જેનો વારંવાર ઉલ્લેખ કરતા તેઓ થાકતા જ નહિ. એક તેમની કલા, જેની તેઓ પૂજા કરતા અને બીજા અમે બે બાળકો, જેમને તેઓ પોતાથી કદી દૂર રાખતા નહિ. સમયના વહેવા સાથે તેમનામાં કોઇ ફેરફાર થયો હોય તો તે એટલો જ કે પોતાની પ્રેમાળ પાંખો હેઠળ તેમણે અમને વધુને વધુ ખેંચ્યા અને માતાની ખોટ અમને ક્યારેય લાગી નહિ.

આ લેખના પ્રયોજનરૂપ ઘટના કેમ બની તે જોઇએ: અમે ત્યારે કલકત્તામાં હતાં, જ્યાં મારા પિતા થોડાં વર્ષના ગાળામાં જ પોતાનાં શ્રેષ્ઠ નાટકો અને ગીતો લખીને કીર્તિને શિખરે પહોંચવાના હતા. એક દિવસ અમે ત્રણેય પાટલા પર બેસીને સવારનું ભોજન કરી રહ્યાં હતાં. પિતાનો પાટલો ભીંતની લગોલગ મારી સામે જ હતો. મારી મધુર બહેની માયા તેમની ડાબી તરફ બેઠી હતી. રસોયો ચાંદીની ત્રણ મોટી થાળીમાં ભોજન પીરસી ગયો હતો અને વારે વારે આવીને ગરમા ગરમ વાનીઓ આપી જતો હતો. આથી ક્યારેક અમારે થોડી રાહ પણ જોવી પડતી. પણ પિતાને ભાગ્યે જ તેનું ધ્યાન હતું. વાસ્તવમાં ઘણીવાર તેઓ એટલા બધા વિચારમગ્ન રહેતા કે પોતે શું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાઇ રહ્યા છે તેનું પણ તેમને લક્ષ રહેતું નહિ, જે દૃશ્ય મારા કાકા કાકીઓને ખૂબ જ રમૂજ પમાડતું.

તે ચિરસ્મરણીય પ્રભાતે અમારી એક કાકીએ માયાને એક સુંદર પાટલો ભેટ આપ્યો હતો. ઉજ્જવળ લાલ રંગના એ પાટલા પર વિવિધ ભાતની અલ્પના આલેખવામાં આવી હતી. આ પાટલા ઉપર, ઉમળકાથી ચમકતા ગાલો સાથે સિંહાસન પર નાની રાણી શી માયા બેઠી હતી. દર બબ્બે મિનિટે તે બોલ્યા કરતી હતી; "જુઓ દાદા ! નવો સરસ પાટલો કેવો ચળકે છે, જાણે દર્પણ ! નહિ બાપુ ?"

માયા સામે મને જરાય દ્વેષ નહોતો. તે આનંદના ઉદ્‌ગારો સાથે ઉમળકામાં જ્યારે જ્યારે તાળી પાડતી ત્યારે બાપુ સસ્મિત ડોકું હલાવી તેને પ્રોત્સાહન આપતા હતા. હું તેમને ખૂબ ચાહતો હતો. એટલે માયા તરફ તેઓ જેમ જેમ વધુ હસવા લાગ્યા તેમ તેમ માયાના સુંદર પાટલાની સામે મારા જુના અને ઝાંખા પાટલાનું મારું દુઃખ વધવા લાગ્યું. મારા ગૌરવને ઉપહાસતા પડકાર સમા તેના મુક્ત હાસ્યમાં વહેતા આનંદ પ્રત્યે સ્મિત કરવાનો મેં નિષ્ફળ પ્રયાસ કર્યો. પિતા સન્મુખ હતા એટલે માયા સામે આંગળી પણ ઊંચી કરી શકાય તેમ નહોતું.

પછી મેં ભ્રકુટિ ચડાવવા માંડી અને ઈશારતોથી તેના પાટલાની મારા પાટલા સાથે બદલી કરવા સૂચવ્યું. પહેલાં તો તે કંઇ સમજી નહિ અને મારી સામે તાકી રહી. પછી ઝબકારાની જેમ તેણે મારો અર્થ પકડી લીધો. તેનો ચહેરો તંગ બન્યો અને આંખોમાં રોષ આણી તેણે જોરથી માથું ધૂણાવ્યું. હું ધૃણા અને ભયથી કાંપી ઊઠ્યો. મારો અનાદર થઇ રહ્યો હતો. મારૂં વડપણ નીચું જઇ રહ્યું હતું. લાંબા સમયની મારી સત્તા મારી આંખો સામે જ લય પામી રહી હતી અને છતાંય હું કશું જ કરી શકતો નહોતો ! અસહ્ય !!

મારો ગુસ્સો ઝડપથી વધી રહ્યો હતો. હું ઉગ્રપણે વિચારી રહ્યો હતો પણ કશું જ નહિ સૂઝતાં મેં તેને દબડાવવાનો સલામત માર્ગ અપનાવ્યો. પિતાનું ધ્યાન ન હોય ત્યારે આંખો વડે હું તેને ડરાવવા લાગ્યો પણ તે નમતું આપવા તૈયાર નહોતી અને વારંવાર માથું ધુણાવતી હતી. છેવટે મારા ગુસ્સાએ માઝા મૂકી. આજ સુધી તે સ્વેચ્છાએ મારી સેવા કરતી આવેલી તે હું અત્યારે વિસરી ગયો. સ્વભાવથી તે વફાદાર હતી અને હું તેના મોનીટર અને આગેવાન જેવો હોઇને મારા માટે સર્વ પ્રકારના દોડા કરતી. તેમાં તેને આનંદ આવતો. પણ આજે જાણે તે પરીકુમારી બની હતી અને પિતાએ સ્વહસ્તે તેને તિલક કર્યું હતું એટલે જે વિશે પોતાનો અધિકાર હતો તેમાં તે નમતું શાની આપે ? હું ડોળા કાઢું કે સામે પડકારમાં તે પોતાનું નાનું મસ્તક ઉછાળતી. વાળના સોનેરી ગુંચળામાં મઢાયેલું એ લાચાર મોં સુંદર લાગતું હતું, પણ મારો મિજાજ ઉગ્ર હતો અને એ સૌંદર્યની મને પડી નહોતી. હું બેફામ બનતો ગયો અને સાનભાન ગુમાવી બેઠો.

રસોયો આવે છે કે નહિ તે જોવા પિતાએ જમણી તરફ મસ્તક ફેરવ્યું અને મને તક મળી ગઈ. માયાને મેં અચાનક ધક્કો લગાવી દીધો. એકાએક આવેલા ધસારાને તે ટાળી શકી નહિ અને ભારે અવાજ અને તીણી ચીસ સાથે તે જમીન પર ઉથલી પડી.

પિતા ચોંકી ઉઠ્યા. તત્ક્ષણ તેમનો સુંદર ચહેરો ગુસ્સાથી ઉગ્ર અને લાલ બની ગયો. તેમની ક્રોધભરી આંખો મારા પર મંડાઈ રહી. 'આ શું કર્યું વાંદરા ?' તેઓ ગર્જી ઊઠ્યા. નાની નિર્દોષ બહેનને ઇજા કરવાની તારી આ હિંમત ?' આજ સુધી મને કદી ઠપકો મળ્યો નહોતો. મારી શરમનો કોઈ પાર નહોતો, પણ તેથી યે વધુ તો હું ભયભીત બની ગયો અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેઠક પરથી કૂદી દૂર ખૂણામાં જઈ નત મસ્તકે દબાયેલો હું ઊભો રહ્યો. મારા તરફ જરાયે ધ્યાન આપ્યા વિના પિતાએ નીચે પડી ગયેલી મારી બહેનને ઊંચકી લીધી અને કોમળતાથી પોતાના ખોળામાં બેસાડી, આંખમાં આંસુ છતાં માયા તેમની તરફ હસી રહી ત્યાં સુધી તેમણે તેના શિરે હેતભર્યો હાથ ફેરવ્યા કર્યો પણ બીજી ક્ષણે જ તેના કલંકી અને હુમલાખોર ભાઈ પર નજર પડતાં જ તેનું હાસ્ય ઊડી ગયું. તે તુરત ઊભી થઈ અને દોડીને સીધી મારી પાસે આવી.

'દાદા! ચાલો, મારો પાટલો તમે લો. એ હું તમને આપું છું.' તે સખેદ બોલી પણ મેં તેને હડસેલી દીધી. 'ચાલી જા!' હું રોષથી બોલ્યો.

'ઓ દાદા! એમ ન કરો.' આંસુથી ચમકતી આંખોએ તે મને વિનવી રહી. 'દુઃખી ન થાવ, દાદા! ચાલો. મારા પાટલા પર બેસો અને ખુશ થાવ. હું એ ફરી નહિ માગું. તમને વચન આપું છું. એ તમારો છે–હંમેશ માટે.'

હું દ્રવી ગયો હતો પણ મારો ભારે માન ભંગ ગળી જઈ શકું તેમ નહોતો. આમ અનિશ્ચિત દશામાં હું ઊભો હતો ત્યાં પિતાજી પાટલા પરથી ઊઠ્યા. તેમની આંખો આર્દ્ર બની હતી. એક પણ શબ્દ બોલ્યા વિના તેઓ સીધા માયા પાસે આવીને બેસી ગયા અને તેને બાથમાં લઈ લીધી. માયાએ તુરત જ એના નાનકડા હાથો એમની ડોક ફરતા વીંટી દીધા અને 'બાપુ....બાપુ....' કરતી રડવા લાગી.

બીજી જ ક્ષણે પિતાજી (અમારા મહાન, મોટા પિતા!) પણ તેના નાના ખભા પર માથું મૂકી નાના બાળકની જેમ રડી પડ્યા, અને નાની બાળા તેમને આશ્વાસન આપવા લાગી. બંનેના પાઠ બદલાઈ ગયા.!

'ઓ બાપુ!....બાપુ!' તે બોલવા લાગી 'બાપુ રડો નહિ...મને જરાય વાગ્યું નથી.... પણ એને ફરી વઢશો નહિ...બાપુ! હું એ નહિ સહી શકું, બાપુ!'

હું બેબાકળો થઈ ગયો હતો. પછી મુંઝાયો અને ઉમટતા આંસુઓને ગળવા મથતો દોડી ગયો. હું ચમકી ગયો હતો! માયા જેવી નાની બાળકીના હાથોમાં પિતા રડે! મારા માટે દુનિયા ઊંધી ચત્તી થઈ ગઈ. શું વિચારવું મને કંઈ સમજાયું જ નહિ.

તે રાત્રે, હંમેશની જેમ ભેગા મળેલા થોડા મિત્રો સમક્ષ પિતાએ ઘેરા અવાજે એક લાંબા વર્ણન કાવ્યનું પઠન કર્યું. તેનું શિર્ષક હતુ: 'એક ભાઈ-બહેનનો ઝઘડો". કાવ્ય વાચન પૂરું થયું ત્યારે માયાએ મારા કાનમાં કહ્યું: 'દાદા! જુઓ, ત્યાં દૂર ફૂલદાની પાસે.... ધોળી લાંબી દાઢીવાળો માણસ.... એ પણ આંખો લૂછી રહ્યો છે.... જુઓ!'

થોડાં વર્ષ પછી 'આલેખ્ય' (ચિત્રો) નામના તેમના સંગ્રહમાં આ કાવ્ય પ્રસિદ્ધ થયું. બંગાળી સાહિત્યનું એ 'કલાસિક' કાવ્ય ગણાય છે. એમાંની થોડી પંક્તિઓ અહીં ઉતારું છું. પ્રસંગ ઘટના વર્ણવીને કવિ છેલ્લે ભાવમયતાથી કહે છે:—

કેવું રમણીય ચિત્ર! ઓ નાની મધુરી બાળા!
નિર્વ્યાજ નિઃસ્વાર્થના કોણે તને પાઠ પઢાવ્યા?
માનવીની સહૃદયના કેવી પ્રગટાવે
આ દૈવી નિઃસ્વાર્થ ભાવના!
એ જોઈને, ઓ ઉપહાસવાદી
સર્વ શુભને તુચ્છકારનારા તને હું અવગણું છું...
અનિદ્રપણે તમે વળી કરશો દલીલ,
'આ જગત છે મેદાન સેતાનને ખેલવાનું'.
કિન્તુ હવે એ ન સાચું,
આજે નિહાળ્યું મેં કંઈક જૂદું.
વિમળ અને અમર્ત્ય જ્યાં,
પ્રગટે છે કરુણા ગુલાબ;
તે આ પૃથિવીતણું જીવન,
શાને ગણું અદૈવી–દુર્દૈવી?

★



For Private And Personal Use Only

# અનેકાંતવાદ અને અહિંસા



અમૃતલાલ તારાચંદ દોશી

ભગવાન મહાવીર એક પરમ અહિંસક તીર્થંકર હતા. મન, વચન અને શરીર આ ત્રિવિધ અહિંસાની પરિપૂર્ણ સાધના ખાસ કરીને માનસિક અહિંસાની પ્રતિષ્ઠા વસ્તુ સ્વરૂપના યથાર્થ દર્શન વિના થવી અશક્ય હતી. અમે ભલે શરીરથી બીજા જીવોની હિંસા ન કરીએ પરંતુ જો વચન–વ્યવહાર અને મનોગત વિચારો વિષમ અને વિસંવાદી હોય તો શારીરિક અહિંસાનું પાલન પણ અતિ કઠણ છે. પોતાના મનના વિચારોને અર્થાત્ પોતાના મતને પુષ્ટ કરવા માટે માણસ હંમેશા ઉગ્ર શબ્દોનો પ્રયોગ કરતો આવ્યો છે અને પરિણામે અથડામણ થવાના પ્રસંગો ઉભા થતા આવ્યા છે. ભારતીય શાસ્ત્રાર્થોનો ઇતિહાસ આવા પ્રકારના અનેક હિંસક કાંડોથી રક્તમય બનેલા પાનાઓથી ભરેલો છે.

તેથી એ અત્યંત આવશ્યક હતું કે— અહિંસાની સર્વાંગીણ પ્રતિષ્ઠા માટે વિશ્વના પદાર્થોનું યથાર્થ જ્ઞાન હોય અને સાથે જ વિચાર શુદ્ધિ મૂલક વચન શુદ્ધિની જીવન–વ્યવહારમાં પ્રતિષ્ઠા થાય. એક જ વસ્તુના વિષયમાં પરસ્પર બે વિરોધી મતભેદો ચાલતા રહે, પોતાના પક્ષના સમર્થન માટે ઉચિત–અનુચિત શાસ્ત્રાર્થો થતા રહે, પક્ષ અને પ્રતિપક્ષોના સંગઠન થતા રહે અને શાસ્ત્રાર્થમાં હારનારાઓને તેલની ધગધગતી કડાઈઓમાં જીવતા ભૂંજી નાખવાની શરતો કરવામાં આવતી હોય અને છતાં અહિંસક બની રહેવાનો ઢોંગ કરવો એ નરી વિડંબના જ હતી.

તેથી પરમ શકુણિક ભગવાન મહાવીરે જોયું કે આજે આખું વાતાવરણ અને રાજકરણ ધર્મ અને મતવાદીઓના હાથમાં રમી રહ્યું છે. જ્યાં સુધી આ મતવાદીઓને વસ્તુ સ્થિતિના આધારે યથાર્થ દર્શનપૂર્વક સમન્વય નહીં થાય ત્યાં સુધી હિંસા અને સંઘર્ષની જડ નષ્ટ નહીં થાય. તેમણે ઉગ્ર તપના બળે આત્મા ઉપર લાગેલા કર્મોના પડળોને દૂર કરી વિશ્વતત્ત્વોનો સાક્ષાત્કાર કર્યો અને બતાવ્યું કે સંસારના પ્રત્યેક જડ અને ચેતનતત્ત્વ અનંત ધર્મોના ભંડાર છે. તેના વિરાટ સ્વરુપને સામાન્ય માણસ પૂર્ણ રૂપથી જાણી શકે નહીં. તેનું ક્ષુદ્ર જ્ઞાન વસ્તુના એક એક અંશને જાણીને પોતાનામાં પૂર્ણતાનું મિથ્યાભિમાન કરીને બેઠું છે. વિવાદ વસ્તુમાં નથી. વિવાદ તો વસ્તુને સમજવાવાળાની દૃષ્ટિમાં છે. જો મિથ્યાભિમાનનો નાશ વસ્તુને સમજવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય તો જ તેઓને વસ્તુઓના વિરાટ અનન્ત ધર્માત્મક કે અનેકાંતાત્મક સ્વરૂપની ઝાંખી થાય.

ભગવાન મહાવીરે આ મતવાદીઓને સંબોધીને કહ્યું કે, જુઓ પ્રત્યેક વસ્તુ અનંત ગુણ પર્યાય અને ધર્મોનો અખંડ પિંડ છે. તે પોતાની અનાદિ અનન્ત સંતાન પરંપરાની દૃષ્ટિથી નિત્ય છે. ક્યારેય પણ એવો સમય નથી આવવાનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે જ્યારે વિશ્વના રંગમંચ પરથી એક કણુનો પણ સમૂલ વિનાશ થઈ જાય. અથવા તેની સંતાન પરંપરા ઉખડી જાય. સાથે જ તેના પર્યાયો પ્રતિક્ષણ બદલી રહ્યા છે. તેના ગુણ ધર્મોમાં પણ સમાન અથવા વિરૂપ પરિવર્તન થઈ રહ્યું છે. તેથી તે અનિત્ય પણ છે. આવી જ રીતે અનંત ગુણ, શક્તિ, પર્યાય અને ધર્મ પ્રત્યેક વસ્તુની પોતાની સંપત્તિ છે. અમારું સ્વલ્પ જ્ઞાનલવ એમાંથી એક એક અંશને ગ્રહણ કરીને ક્ષુદ્ર મતવાદનું સર્જન કરી રહ્યું છે. આત્માને નિત્ય માનનારો પક્ષ પોતાની બધી શક્તિ અનિત્યવાદીઓને પરાસ્ત કરવામાં લગાવી રહ્યો છે તો અનિત્યવાદીઓનું ગુટ નિત્યવાદીઓને ઉખેડી નાખવા પોતાનું બધું બળ વાપરી રહ્યો છે. આ જોઈ ભગવાન મહાવીરને મતવાદીઓની બુદ્ધિ અને પ્રવૃત્તિ પર અત્યંત દયા આવતી હતી.

તેઓ બુદ્ધની માફક આત્માનું નિત્યત્વ અને અનિત્યત્વ, પરલોક અને નિર્વાણ વગરેને અવ્યાકૃત (વર્ણન ન કરી શકાય તેવા) કહીને બૌદ્ધિક નિરાશાની સૃષ્ટિ ઉત્પન્ન કરવા નહોતા માગતા.

તેઓએ ઉદ્‌ઘોષણા કરીને કહ્યું કે–વસ્તુને તમે જે દૃષ્ટિકોણથી જોઈ રહ્યા છો તે વસ્તુ તેટલી જ નથી. બીજા પણ અનંત ધર્મો તેમાં રહેલા છે, કારણ કે તેનું વિરાટ સ્વરૂપ અનંત ધર્માત્મક છે. તમને જે દૃષ્ટિકોણ તેમાં જણાતો નથી તે માટે સાચા હૃદયથી ઈમાનદારીપૂર્વક ઊંડો વિચાર કરશો તો તેનો વિષયભૂત ધર્મ પણ તેમાં વિદ્યમાન છે] તેમ તમને જણાયા વિના નહીં રહે. મનમાંથી પક્ષપાતની દુરભિસંધિ કાઢી નાખો અને બીજાના દૃષ્ટિકોણના વિષયને પણ સહિષ્ણુતાપૂર્વક શોધો તો તે ધર્મ પણ ત્યાં જ ઝળકી રહ્યો તમને લાગશે.

હા, વસ્તુની સીમા અને મર્યાદાનું ઉલ્લંઘન ન થવું જોઈએ. તમે ઇચ્છો કે જડમાં ચેતનત્વ ગોતવામાં આવે કે ચેતનમાં જડત્વ, તો તે નહીં મળી શકે. કારણ કે દરેક પદાર્થોના પોત પોતાના નિજી ધર્મો સુનિશ્ચિત છે. ચેતનના ગુણ ધર્મો અચેતનમાં નહીં મળે અને અચેતનના ગુણ ધર્મો ચેતનમાં નહીં મળે. હા, કેટલાક એવા સાદૃશ્ય મૂલક વસ્તુત્વ આદિ સામાન્ય ધર્મો છે જે ચેતન અને અચેતન બન્નેમાં મળશે. પરંતુ બધાની સત્તા જુદી જુદી છે.

આ રીતે જ્યારે વસ્તુ સ્થિતિ જ અનેકાન્તમયી કે અનંત ધર્માત્મિકા છે, ત્યારે મનુષ્ય સ્વાભાવિક જ એ વિચારવા લાગે છે કે–બીજો વાદી જે કહી રહ્યો છે, તેની સહાનુભૂતિપૂર્વક સમીક્ષા થવી જોઈએ, અને તેનું વસ્તુ સ્થિતિ મૂલક સમીકરણ થવું જોઈએ. આમ પોતાની સ્વલ્પતા અને વસ્તુના અનંત ધર્મપણાના જ્ઞાનથી નિરર્થક કલ્પનાઓનો ભ્રમ ભાંગી જશે અને અહંકારનો નાશ થવાથી માનસ સમતાની સૃષ્ટિ સર્જાશે, જે અહિંસાની સંજીવની લતા છે. માનસ સમતા માટે અનેકાન્ત દર્શન જ એક માત્ર સ્થિર આધાર બની શકે છે. આ પ્રમાણે જ્યારે અનેકાન્ત દર્શનથી વિચાર શુદ્ધિ થઈ જાય છે, ત્યારે સ્વભાવતઃ વાણીમાં નમ્રતા અને પરસમન્વયની વૃત્તિ ઉત્પન્ન થઈ જાય છે. તેથી જૈનાચાર્યોએ વસ્તુની અનંત ધર્માત્મકતાને પ્રગટ કરવા માટે 'સ્યાત્' શબ્દના પ્રયોગની જરૂરત બતાવી છે. શબ્દોમાં એ સામર્થ્ય નથી કે તે વસ્તુના પૂર્ણસ્વરૂપને એકી સાથે કહી શકે. તે એક સમયમાં એક જ ધર્મ બતાવી શકે છે. તેથી તે જ વખતે વસ્તુમાં રહેલા શેષ ધર્મોના સૂચન કરવા માટે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. 'સ્યાત્'નો અર્થ છે સુનિશ્ચિત દૃષ્ટિકોણ અથવા અમુક નિર્ણીત અપેક્ષાએ 'સ્યાત્'નો અર્થ શાયદ, સંભવ કે કદાચિત્ છે જ નહીં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંક્ષેપતઃ—જ્યાં અનેકાન્તદર્શન મનમાં માધ્યસ્થભાવ વીતરાગતા અને નિષ્પક્ષતાને પેદા કરે છે ત્યાં સ્યાદ્‌વાદ વાણીમાં નિર્દોષતા-બોલવામાં સંયમ લાવવાનો અવકાશ આપે છે.

આ પ્રમાણે અહિંસાની પરિપૂર્ણતા અને સ્થાયિત્વની પ્રેરણાએ માનસશુદ્ધિને માટે 'અનેકાન્ત દર્શન' અને વચનશુદ્ધિને માટે 'સ્યાદ્‌વાદ' જેવી નિધિઓને ભારતીય દર્શનના કોશાગારમાં અર્પણ કરી છે.

જૈન તીર્થંકરોએ આ પ્રમાણે સર્વાંગીણ અહિંસાની સાધનાનું વૈયક્તિક અને સામાજિક બંને પ્રકારના પ્રત્યક્ષાનુભૂત માર્ગ બતાવ્યો. તેઓએ પદાર્થના સ્વરૂપનું યથાર્થ નિરીક્ષણ તો કર્યું જ, સાથે જ પદાર્થોને જોવાનો, તેનું જ્ઞાન કરવાનો અને તેના સ્વરૂપને વચનથી કહેવાનો માર્ગ પણ બતાવ્યો. આ અહિંસક દૃષ્ટિથી જો ભારતીય દર્શનકારોએ વસ્તુનું નિરીક્ષણ કર્યું હોત તો ભારતીય જલ્પકથાનો ઇતિહાસ આટલો રક્તરંજિત ન બનત અને ધર્મ તથા દર્શનના નામે માનવતાનું નિરસન પણ ન થાત. પરંતુ અહંકાર અને શાસનની ભાવના માનવને દાનવ બનાવી દે છે અને તેના ઉપર મત અને ધર્મનું 'અહં' તો અતિ દુર્નિવાર બને છે. યુગયુગમાં આવા જ દાનવોને માનવ બનાવવા માટે સંતો આજ સમન્વયદૃષ્ટિનો આ જ સમતીભાવનું અને આ જ સર્વાંગીણ અહિંસાનો ઉપદેશ આપે છે. આજ જૈન દર્શનની વિશેષતા છે.

આ અનેકાંત દર્શન વાસ્તવમાં વિચારવિકાસની ચરમ રેખા છે. ચરમ રેખાથી મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે બે વિરૂદ્ધ વાતોમાં શુષ્ક તર્કજન્ય કલ્પનાઓનો વિસ્તાર ત્યાં સુધી બરાબર ચાલતો જ રહેશે જ્યાં સુધી તેનું કોઈ વસ્તુસ્પર્શી સમાધાન નહીં મળે. અનેકાંત દૃષ્ટિ વસ્તુના તે જ સ્વરૂપનું દર્શન કરાવે છે, જ્યાં વિચારો સમાપ્ત થઈ જાય છે. જ્યાં સુધી વસ્તુસ્થિતિ સ્પષ્ટ નથી થતી ત્યાં સુધી વિવાદો ચાલ્યા જ કરે છે. અગ્નિ ઠંડી છે કે ગરમ? આ વિવાદની સમાપ્તિ અગ્નિને હાથથી સ્પર્શ કરવાથી જેમ થઇ જાય છે, તેમ એક એક દૃષ્ટિકોણથી ઉત્પન્ન થતા વિવાદો અનેકાંત વસ્તુના દર્શનથી પોતાની મેળે સમાપ્ત થઇ જાય છે.

માનસ શુદ્ધિને માટે વિચારોની દિશામાં સમન્વયશીલતા લાવવાવાળી અનેકાંત દૃષ્ટિ આવી જવા છતાં પણ તદનુસારિણી ભાષા શૈલી ન બતાવવામાં આવે તો તેનો સાર્વજનિક ઉપયોગ થવો અસંભવ હતો. તેથી અનેકાંત દૃષ્ટિને સારી રીતે પ્રતિપાદન કરનારી 'સ્યાદ્-વાદ' નામની ભાષા શૈલીનો આવિષ્કાર તે જ અહિંસાના વાચનિક વિકાસના રૂપમાં થયો. જ્યારે વસ્તુ અનંત ધર્માત્મક છે. તેને જાણવા વાળી દૃષ્ટિ અનેકાંત દૃષ્ટિ છે. ત્યારે વસ્તુના સર્વથા એક અંશને નિરૂપણ કરનારી ભાષા વસ્તુનું યથાર્થ પ્રતિપાદન કરનાર ન થઈ શકે, તેથી વિવક્ષિત ધર્મવાચી શબ્દના પ્રયોગ વખતે અને અન્ય અવિવક્ષિત સમગ્ર ધર્મના અસ્તિત્વને સૂચન કરનાર 'સ્યાત્' શબ્દના પ્રયોગને ન ભૂલવો જોઇએ. આ 'સ્યાત્' શબ્દ એક એવો પહેરેદાર છે કે જે વિવક્ષિત ધર્મવાચી શબ્દને સમસ્ત વસ્તુ પર અધિકાર કરવાથી રોકે છે. અને કહે છે કે ભાઈ! અત્યારે શબ્દ દ્વારા બોલાયો હોવાથી જો કે તું મુખ્ય છે, છતાં એનો અર્થ એ નથી કે આખી વસ્તુ પંર તારો જ અધિકાર છે. તારા અનંત ધર્મ ભાઇ આ વસ્તુના તે જ રીતે સમાન અધિકારી છે, જેવી રીતે તું. આમ સ્યાત્ શબ્દ અનેકાંતનો દ્યોતક છે અને બીજા અવિવક્ષિત ધર્મોનું રક્ષણ કરનાર પહેરેદાર છે. એ રીતે સ્યાદ્‌વાદ એક ભાષાશૈલીનો ઉત્તમ પ્રકાર છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૨૦૩૧ આસો વદી

| ફંડો અને જવાબદારીઓ | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| બીજા અંકિત કરેલા ફંડ : | | | |
| (ઘસારા, સીકીંગ, રીઝર્વ ફંડ વિ.) | | | |
| શ્રી ફંડના પરિશિષ્ટ મુજબ | ... | | ૧૯૧૭૬૮-૫૨ |
| જવાબદારીઓ : | | | |
| ખર્ચ પેટે | ... | ૬૩૧-૫૩ | |
| અગાઉથી મળેલી રકમો પેટે | ... | ૧૦૪૩૩-૬૦ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે | ... | ૯૭૨-૦૦ | |
| અન્ય જવાબદારીઓ | .... | ૩૯૦-૦૮ | |
| | | | ૧૨૪૨૭-૨૧ |
| કુલ રૂા.... | | | ૨૦૪૧૯૫-૭૩ |

ઉપરનું સરવૈયું મારી/અમારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

ટ્રસ્ટીની સહી : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સભા–ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| સ્થાવર મિલ્કત : ગઈ સાલના બાકી ... | | ૧૦૨૮૨૧–૮૦ |
| રોકાણો : સીકયોરીટીઝ : | | |
| શ્રી મહાલક્ષ્મી મીલના શેર ... | ૨૦૦–૦૦ | |
| | | ૨૦૦–૦૦ |
| ડેડસ્ટોક તથા ફરનીચર : ગઈ સાલના બાકી ... | ૪૨૩૫–૦૦ | |
| | | ૪૨૩૫–૦૦ |
| સ્ટોક : પુસ્તક સ્ટોક ... | | ૭૬૩૪–૯૩ |
| એડવાન્સીઝ : ભાવનગર ઈલેકટ્રીક કું. ... | | ૧૨૦–૦૦ |
| નોકરોને ... | ૧૩૫૮–૩૦ | |
| પુસ્તકો તૈયાર કરવા માટે ... | ૨૨૮૯–૭૬ | |
| બીજાઓને ... | ૨૫૪૪–૩૮ | |
| | | ૬૧૯૨–૪૪ |
| વસુલ નહિ આવેલી આવક : | | |
| ભાડું ... | ૨૭૦૨–૫૭ | |
| બીજી આવક ... | ૭૦–૦૦ | |
| | | ૨૭૭૨–૫૭ |
| રોકડ તથા અવેજ : | | |
| (અ) બેંકમાં સેવીંગ્ઝ ખાતે સ્ટેટ બેંક તથા દેના બેંક ... | ૧૫૬૦૫–૨૮ | |
| બેંકમાં ફીકસ્ડ અથવા કોલ ડીપોઝીટ ખાતે દેના બેંક તથા યુનિયન બેંક ... | ૬૦૩૫૬–૫૭ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે નામ ભીખાલાલ ભીમજીભાઈ ... | ૧૪૩૬–૯૬ | |
| | | ૭૭૪૯૮–૭૭ |
| ઉપજ ખર્ચ ખાતું : ગઈ સાલની બાકી ઉધાર ... | ૭૮૪–૧૦ | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના ઉપજ ખર્ચ ખાતા મુજબ ... | ૩૦૧૯–૯૫ | |
| | | ૩૮૦૪–૦૫ |
| સરવૈયા ફેરના ... | | ૧૬–૧૭ |
| કુલ રૂ.... | | ૨૦૪૧૯૫–૭૩ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

તા. ૩–૭–૧૯૭૬
ભાવનગર

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સં. ૨૦૩૧ના આસો વદી અમાસના રોજ

| આવક | | રૂા. પૈસા | રૂા પૈસા |
|---|---|---|---|
| ભાડા ખાતે :— ( લેણી/મળેલી ) | ... | | ૭૪૬૮–૦૦ |
| વ્યાજ ખાતે :— ( લેણી/મળેલી ) | | | |
| બેન્કના ખાતા ઉપર | ... | ૪૨૫૭–૪૫ | |
| | | | ૪૨૫૭–૪૫ |
| બીજી આવક :— | | | |
| પસ્તી વેચાણ આવક | ... | ૧૭૮–૯૭ | |
| જાહેર ખબર આવક | ... | ૫૮૫–૦૦ | |
| વાર્ષિક મેમ્બર ફી | ... | ૨૦–૦૦ | |
| અનામત પુસ્તક વેચાણ | ... | ૭૩૧–૩૫ | |
| પુસ્તક વેચાણ નફો | ... | ૮૫૮–૪૫ | |
| જ્ઞાન આવક | ... | ૩૯–૭૨ | |
| વેવીશાળ નેટ આવક | ... | ૧૦૭૨–૦૦ | |
| અન્ય આવક | ... | ૧૮–૧૫ | |
| | | | ૩૫૦૩–૬૪ |
| રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા | .... | | ૩૨૫૫–૦૦ |
| બાદ જે સરવૈયામાં લઇ ગયા તે | .... | | ૩૦૧૯–૯૫ |
| કુલ રૂા.... | | | ૨૧૫૦૪–૦૪ |

ટ્રસ્ટીની સહી :-શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

તારીખ ૩ જુલાઇ ૧૯૭૬
ભાવનગર

For Private And Personal Use Only

# સભા, ભાવનગર

## પૂરા થતા વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

| ખર્ચ | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| મિલ્કત અંગેનો ખર્ચ :— | | | |
| મરામત અને નિભાવ | ... | ૧૧૯-૫૪ | |
| વીમો | ... | ૪૬૯-૨૦ | |
| | | | ૫૮૮-૭૪ |
| વહીવટી ખર્ચ | .... | | ૪૪૦૨-૬૮ |
| ફાળો અને ફી | .... | | ૧૧૨-૭૫ |
| માંડીવાળેલી રકમો :— | | | |
| અન્ય લેણા | ... | ૨૬ ૦૧ | |
| | | | ૨૬-૦૫ |
| પરચુરણ ખર્ચ | .... | | ૨૬૯૪-૫૧ |
| રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો | .... | | ૨૭૦૦-૦૦ |
| ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :— | | | |
| ધાર્મિક | ... | ૧૪૫-૦૦ | |
| બીજા ધર્માદા હેતુઓ | ... | ૧૦૮૩૪-૩૧ | |
| | | | ૧૦૯૭૯-૩૧ |
| કુલ રૂા.... | | | ૨૧૫૦૪-૦૪ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ.

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભામાં અત્યાર સુધીમાં થયેલાં

# માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર
૨ ,, હઠીસંગ ઝવેરચંદ
૩ ,, રાયબહાદુર સાહેબ વિજયસિંહજી
૪ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ
૫ ,, બાલચંદ છાજેડ
૬ ,, જીવણલાલ ધરમચંદ
૭ ,, બાબુસાહેબ બાહદુરસિંહજી સીંધી
૮ ,, ચંદુલાલ સારાભાઈ
૯ ,, રા. બા. કાંતિલાલ ઇશ્વરલાલ
૧૦ ,, માણેકચંદ જેચંદભાઈ
૧૧ ,, નાગરદાસ પુરૂષોત્તમ
૧૨ ,, રતીલાલ વાડીલાલ
૧૩ ,, માણેકલાલ ચુનીલાલ
૧૪ ,, નાનાલાલ હરીચંદ
૧૫ ,, કાંતીલાલ બકોરદાસ
૧૬ ,, રા. બ. નાનજીભાઈ લધાભાઈ
૧૭ ,, ભોગીલાલ મગનલાલ
૧૮ ,, રતીલાલ વર્ધમાન
૧૯ ,, પદમશી પ્રેમજીભાઈ
૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ
૨૧ ,, મોહનલાલ તારાચંદ
૨૨ ,, જાદવજી નરશીદાસ
૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૨૪ ,, ચંદુલાલ ટી. શાહ
૨૫ ,, રમણીકલાલ નાનચંદ
૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ
૨૮ ,, ખાંતીલાલ અમરચંદ
૨૯ ,, રા. બ. જીવતલાલ પ્રતાપશી
૩૦ ,, અમૃતલાલ કાળીદાસ
૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઈ
૩૨ ,, કાંતિલાલ જેસંગભાઈ
૩૩ ,, બબલચંદ કેશવલાલ
૩૪ ,, ચંદ્રકાન્ત ઉજમશી
૩૫ શ્રી પુંજાભાઈ દીપચંદ
૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૩૭ ,, કેશવલાલ લલ્લુભાઈ
૩૮ ,, ઓધવજી ધનજીભાઈ સોલીસીટર
૩૯ ,, મણીલાલ વનમાળીદાસ
૪૦ ,, સારાભાઈ હઠીસંગ
૪૧ ,, રમણુલાલ દલસુખભાઈ
૪૨ ,, કેશવલાલ વજેચંદ
૪૩ ,, જમનાદાસ મોનજી
૪૪ ,, વીરચંદ પાનાચંદ
૪૫ ,, હીરાલાલ અમૃતલાલ
૪૬ ,, ગીરધરલાલ દીપચંદ
૪૭ ,, પરમાણંદ નરશીદાસ
૪૮ ,, લવજીભાઈ રાયચંદ
૪૯ ,, પાનાચંદ લલ્લુભાઈ
૫૦ ,, કસ્તુરભાઈ લાલભાઈ
૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ
૫૨ ,, મનસુખલાલ દીપચંદ
૫૩ ,, છોટાલાલ મગનલાલ
૫૪ ,, માણેકચંદ પોપટલાલ
૫૫ ,, નગીનદાસ કરમચંદ
૫૬ ,, ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ
૫૭ ,, સકરચંદ મોતીલાલ
૫૮ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૫૯ ,, ખીમચંદ લલ્લુભાઈ
૬૦ ,, પરશોતમદાસ સુરચંદ
૬૧ ,, કેશવજીભાઈ નેમચંદ
૬૨ ,, હાથીભાઈ ગુલાલચંદ
૬૩ ,, અમૃતલાલ ફુલચંદ
૬૪ ,, પોપટલાલ કેવળદાસ
૬૫ ,, ભગુભાઈ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ
૬૭ ,, બકુભાઈ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૯ શ્રી ચીમનલાલ ડાયાભાઈ
૭૦ ,, રમણુલાલ જેશીંગભાઈ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોત્તમદાસ શામજીભાઈ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહોલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પોપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઈ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ,, છોટાલાલ ભાઈચંદ
૮૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ
૮૯ ,, ભાણુજીભાઈ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચંદ
૯૨ શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણુલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ ,, મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઈ
૯૭ ,, છોટુભાઈ રતનચંદ
૯૮ ,, હરગોવનદાસ રામજીભાઈ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ ,, નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ ,, શરદભાઈ જયંતિલાલ
૧૦૨ ,, તુલશીદાસ જગજીવનદાસ
૧૦૩ ,, નાનચંદ જુઠાભાઈ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ શ્રી સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપકલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઈ
૧૦૮ ,, મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઈ વીરજીભાઈ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ ,, મુળજીભાઈ જગજીવનદાસ
૧૧૪ ,, ચુનીલાલ ઝવેરચંદ
૧૧૫ શ્રીમતી લાછબાઈ મેઘજીભાઈ
૧૧૬ શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મુળચંદ
૧૧૮ ,, પ્રાણુજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુંદરજી
૧૨૦ ,, પ્રાણુલાલ કે. દોશી
૧૨૧ ,, ખાંતીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ ,, ભોગીલાલભાઈ જેઠાલાલ
૧૨૪ શ્રીમતિ કંચનબેન ભોગીલાલ
૧૨૫ શ્રી જયંતભાઇ માવજીભાઈ
૧૨૬ ,, ખુમચંદભાઇ રતનચંદ
૧૨૭ ,, સવાઈલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઈ લખમશી
૧૩૦ ,, બાવચંદભાઇ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઇ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઇ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણુલાલભાઇ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઇચંદ
૧૩૭ ,, ચંદુલાલભાઈ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ
૧૩૯ ,, પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાંતિલાલ હરગોવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૧ શ્રી અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંતીલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઇ એસ. ગાર્ડી
૧૪૭ ,, વાડીલાલભાઈ ચત્રભુજ
૧૪૮ ,, પન્નાલાલભાઈ લલ્લુભાઈ
૧૪૯ ,, તલકચંદભાઈ દામોદરદાસ
૧૫૦ શ્રીમતિ ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ શ્રી નાનચંદભાઇ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઈ
૧૫૩ ,, નારણજી શામજીભાઇ
૧૫૪ ,, વીરચંદ મીઠાભાઈ
૧૫૫ શ્રીમતિ અંજવાળીબેન બેચરદાસ
૧૫૬ શ્રી પ્રભુદાસ રામજીભાઈ
૧૫૭ ,, જયંતીલાલ એચ.
૧૫૮ શ્રી વૃજલાલ રતિલાલ
૧૫૯ ,, ચીમનલાલ હરીલાલ
૧૬૦ ,, વિજેન્દ્રભાઈ હીંમતલાલ
૧૬૧ ,, શાંતિલાલ બેચરદાસ
૧૬૨ ,, શામલજી ફુલચંદ
૧૬૩ ,, વૃજલાલ રતિલાલ
૧૬૪ ,, પ્રભુદાસ મોહનલાલ
૧૬૫ ,, નાનચંદ મુળચંદ
૧૬૬ ,, પ્રવિણચંદ ફુલચંદ
૧૬૭ ,, ગીરધરલાલ જીવણભાઈ
૧૬૮ ,, મનસુખલાલ ચીમનલાલ
૧૬૯ ,, સુંદરલાલ ઉત્તમચંદ
૧૭૦ ,, દલીચંદ પુનમચંદ
૧૭૧ ,, કાંતિલાલ જીવરાજ
૧૭૨ ,, છોટાલાલ જમનાદાસ
૧૭૩ ,, પ્રતાપરાય બેચરદાસ
૧૭૪ ,, જસુભાઇ ચીમનલાલ


“ બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે. ”

# લોખંડ

ના

## ગોળ અને ચોરસ સળીયા

## પટ્ટી તેમજ પાટા

વિગેરે મળશે

## ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન ઓફીસ ૫૬૫૦ / ૩૨૧૯
રેસીડેન્સ ૪૫૫૭ / ૫૫૨૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ પ્રકાશની
# વાર્ષિક અનુક્રમણિકા : સં. ૨૦૩૨
## ગદ્ય વિભાગ



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષના મંગળ પ્રવેશે | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨ |
| ૨ | ચાતુરીના પ્રશ્નો ચાર | મનસુખલાલ તારાચંદ મહેતા | ૭ |
| ૩ | સ્વ. પ્રભાવતીદેવીની ડાયરીમાંથી | | ૧૩ |
| ૪ | જંબુકુમાર | માણેકલાલ મ. દોશી | ૧૫ |
| ૫ | સ્વર્ગવાસ નોંધ | | ૧૭ |
| ૬ | દામ્પત્ય જીવનનો અંતિમ દિવસ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૦ |
| ૭ | સ્વ. શાસ્ત્રીજીના ત્યાગ અને સંઘર્ષમય જીવનની એક ઝલક | શ્રીમતી લાલબહાદુર શાસ્ત્રી | ૨૪ |
| ૮ | નહિ પુરુષ બળવાન | સારંગ બારોટ | ૨૭ |
| ૯ | મેરુદંડ જેવી વિદ્યાકિય શિસ્ત | ઉમાશંકર જોષી | ૨૯ |
| ૧૦ | દૃષ્ટિ બદલો | મનસુખલાલ તારાચંદ મહેતા | ૩૧ |
| ૧૧ | સં. ૨૦૩૦નો હિસાબ તથા સરવૈયુ | | ૩૬ |
| ૧૨ | સ્વર્ગવાસ નોંધ | | ૪૦ |
| ૧૩ | સમાચાર સાર | | ૪૧ |
| ૧૪ | આહાર અને વિહાર | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૪ |
| ૧૫ | ધર્મગુરુ | જનક દવે | ૪૮ |
| ૧૬ | નારી જાતિ કેટલી યોગ્ય-કેટલી અયોગ્ય | મૂ. લે મુનિ નેમિચંદ્ર | ૫૧ |
| ૧૭ | સમાચાર | | ૫૫ |
| ૧૮ | જ્યોતિર્ધર ભગવાન મહાવીર | શ્રીમતી ભાનુમતી દલાલ | ૬૧ |
| ૧૯ | ભગવાન મહાવીરનો સ્યાદ્વાદ | પ્રો. પ્રેમસુમન જૈન | ૬૪ |
| ૨૦ | પળનો પણ પ્રમાદ ન કરીશ | પ્રો. કુમારપાળ દેસાઈ | ૭૦ |
| ૨૧ | પાંચમા ચક્રવર્તી શાંતિનાથ ભગવાન | માણેકલાલ મ. દોશી | ૭૩ |
| ૨૨ | ભૂલતા શીખો | કરસન પટેલ | ૭૫ |
| ૨૩ | આંખનું નૂર | મદનકુમાર મઝમુદાર | ૭૯ |
| ૨૪ | દિવ્ય દૃષ્ટા ભગવાન મહાવીરસ્વામી | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી | ૮૩ |
| ૨૫ | દેવ કે માનવ ? | મનસુખલાલ તારાચંદ મહેતા | ૮૭ |
| ૨૬ | માનવ અને માનવતા | 'મંગલાચરણ'ની પ્રસ્તાવનામાંથી | ૯૧ |
| ૨૭ | સમાચાર સંચય | | ૯૯ |
| ૨૮ | નારી કે નારાયણી | મનસુખલાલ ટી. મહેતા | ૧૦૨ |





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૯ | કામભોગ | પં. પૂર્ણાનંદવિજયજી | ૧૦૭ |
| ૩૦ | યક્ષ-યુધિષ્ઠિર પ્રશ્નોત્તરી | ખી. ચાં. શાહ | ૧૧૧ |
| ૩૧ | ઉત્કૃષ્ટ પ્રેમ | કલાવતી વોરા | ૧૧૫ |
| ૩૨ | ગ્રંથ પરિચય | | ૧૧૯ |
| ૩૩ | સમાચાર સંચય | | ૧૨૦ |
| ૩૪ | અગાશી તીર્થનો અહેવાલ | | ૧૨૨ |
| ૩૫ | સાભાર સ્વીકાર | | ૧૨૪ |
| ૩૬ | ધર્મલાભ | મનસુખલાલ મહેતા | ૧૨૮ |
| ૩૭ | પ્રતિષ્ઠા અને અહંકાર | પૂ. કેદારનાથજી | ૧૩૨ |
| ૩૮ | નારીગૌરવ | વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | ૧૩૫ |
| ૩૯ | વિચારોની ચોકી કરો | કલાવતી વોરા | ૧૩૭ |
| ૪૦ | સતી કલાવતી | જિનદાસ દોશી | ૧૩૯ |
| ૪૧ | અજ્ઞાત શક્તિઓ અને માનવજીવન | રજનીકાન્ત મોદી | ૧૪૨ |
| ૪૨ | જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બાંધનારો કોણ | પૂ. કુમાર શ્રમણ | ૧૪૮ |
| ૪૩ | સમાચાર સંચય | | ૧૫૨ |
| ૪૪ | કરુણાની પરાકાષ્ઠા | મનસુખલાલ તા. મહેતા | ૧૫૬ |
| ૪૫ | મંગલં ભગવાન વીરો યાને મહાવીર જીવન જ્યોત | ( પ્રસ્તાવનામાંથી ) | ૧૬૧ |
| ૪૬ | સુખપ્રાપ્તિનો માર્ગ | કલાવતી વોરા | ૧૬૪ |
| ૪૭ | સમાચાર સંચય | | ૧૬૭ |
| ૪૮ | સ્વર્ગવાસ નોંધ | | ૧૬૯ |
| ૪૯ | ભોગ-ઉપભોગ | મનસુખલાલ ટી. મહેતા | ૧૭૨ |
| ૫૦ | દુઃખનું મૂળ પરિગ્રહ | પં. પૂર્ણાનંદવિજયજી | ૧૭૬ |
| ૫૧ | આત્મ ચિકિત્સા | ' અમર ' | ૧૮૧ |
| ૫૨ | પર્યુષણના સંદર્ભમાં | ડૉ. બાવીશી | ૧૮૩ |
| ૫૩ | પર્યુષણ પર્વ અને અનુકંપાદાન | નરેન્દ્ર કોટક | ૧૯૧ |
| ૫૪ | ' તપ ' | પં. બેચરદાસ જીવરાજ | ૧૯૩ |
| ૫૫ | મહાભારતનો એક પ્રસંગ | ઇશ્વર પેટલીકર | ૨૦૩ |
| ૫૬ | નારી કે નારાયણી (એક ખુલાસો) | મનસુખલાલ ટી. મહેતા | ૨૦૬ |
| ૫૭ | સમાચાર સંચય | | ૨૦૮ |
| ૫૮ | વિનયસૂત્ર | | ૨૧૧ |
| ૫૯ | नास्ति रागसमो रिपुः | મનસુખલાલ ટી. મહેતા | ૨૧૨ |
| ૬૦ | નરકનાં ત્રણ દ્વાર | ઇશ્વર પેટલીકર | ૨૧૬ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૬૧ | અવિસ્મરણિય<br>એક ભાઈ બહેનનો ઝઘડો | દિલીપકુમાર રોય | ૨૨૦ |
| ૬૨ | અનેકાંતવાદ અને અહિંસા | અમૃતલાલ તારાચંદ | ૨૨૩ |
| ૬૩ | સં. ૨૦૩૧નો હિસાબ | | ૨૨૬ |
| ૬૪ | પેટ્રનની નામાવલી | | ૨૩૦ |
| ૬૫ | વાર્ષિક અનુક્રમણીકા | | ૨૩૩ |
| ૬૬ | સમાચાર સંચય | | ૨૩૬ |


卐

## પદ્ય વિભાગ


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | મહાવીર–વન્દના અષ્ટકમ | પં. પૂર્ણાનંદવિજય | ૧ |
| ૨ | મહાવીર વાણી | | ૧૯ |
| ૩ | શ્રી વિજયવલ્લભસૂરી વર્ણનાષ્ટકમ્ | પં. પૂર્ણાનંદવિજય | ૪૩ |
| ૪ | મહાવીર સ્તુતિ | પં. પૂર્ણાનંદવિજયજી | ૫૯ |
| ૫ | મહાવીર અને અહિંસા | શાંતીલાલ બી. શાહ | ૬૦ |
| ૬ | મહાવીર | શ્રી મગનલાલ દલીચંદ દેસાઇ | ૬૩ |
| ૭ | મને હો વીરનું શરણું | આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી | ૬૮ |
| ૮ | મહાવીર સ્મૃતિ | જયંતિલાલ મો. ઝવેરી | ૧૦૧ |
| ૯ | વીર વલ્લભસૂરીશ્વરજી વંદના | જયંતિલાલ ઝવેરી | ૧૨૭ |
| ૧૦ | પૂ. કસ્તુરસૂરીજીની સ્મૃતિ | જયંતિલાલ ઝવેરી | ૧૩૪ |
| ૧૧ | પૂ. આ. શ્રી બુદ્ધિસાગરજી સ્મૃતિ | જયંતિલાલ મો. ઝવેરી | ૧૫૫ |
| ૧૨ | હે પ્રભુ ! | સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઇ | ૧૭૧ |
| ૧૩ | ભદ્રેશ્વર–શંખેશ્વર યાત્રા ચોવીશી | ડો. બાવીશી | ૧૮૭ |
| ૧૪ | મહાવીરસ્વામીનો સંદેશ | ટી. કે. શાહ | ૨૦૧ |






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની ૫૪મી સ્વર્ગારોહણ તિથી નિમિત્તે મુલુન્ડમાં ગુણાનુવાદનો સમારંભ

મુલુન્ડ (મુંબઇ)માં બિરાજતા પૂજ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમાર શ્રમણ)ની નિશ્રામાં શ્રી મુલુન્ડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, મહુવા યશો–વૃદ્ધિ જૈન બાળાશ્રમ અને મહુવાના મુલુન્ડમાં વસતા ભાઇઓના સંયુક્ત ઉપક્રમે ભાદરવા શુદ ૧૪ તા. ૭–૯–૭૬ના જૈન ઉપાશ્રય હોલમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીની મહારાજની ૫૪મી સ્વર્ગારોહણ તિથીનો ગુણાનુવાદ સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મહુવા નગરપાલિકાના મેયર શ્રી ચંપકલાલભાઇ વગડા ખાસ પધાર્યા હતાં. શ્રી ચીમનલાલ પાલીતાણાકરે સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનની રૂપરેખા આપી હતી. પંડિત શ્રી અમૃતલાલ તારાચંદે પોતાના વક્તવ્યમાં સ્વ. આચાર્યશ્રીના જીવન અને કાર્ય અંગે વિસ્તૃત રીતે સમજાવ્યું હતું. શ્રી ચંપકલાલભાઇએ મહુવામાં થઈ ગયેલા અનેક રત્નો શ્રી વીરચંદ રાઘવજી, જાદુગર નથુ મંછારામ, આચાર્ય સૂરિસમ્રાટ્ વિજયનેમિસૂરીશ્વરજી વિ.ના સંબંધમાં વર્ણન કરી જણાવ્યુ હતું કે–મહુવા તો ખરેખર એક રત્નભૂમિ, તપોભૂમિ છે. શ્રી મનસુખલાલભાઇએ સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનના વિધવિધ પાસા વર્ણવી કહ્યું હતું કે કાશી નરેશે જ્યારે સ્વ. આચાર્યશ્રીને 'શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય'ની પદવી આપી ત્યારે પોતાની નમ્રતા અને લઘુતા બતાવતા સ્વ. આચાર્યશ્રીએ તેમના પ્રત્યુત્તરમાં કહ્યું હતું કે : આ તો હાથી પરની અંબાડી ટટ્ટુ પર મૂકવા જેવું લાગે છે. પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજે મનનીય વક્તવ્ય કર્યું હતું અને સ્વ. આચાર્યશ્રીના જીવન કાર્યોની ખૂબીઓ વર્ણવી બતાવી હતી. સમારંભને અંતે સંઘપૂજનની વિધિ થઈ હતી અને આ પ્રસંગે શેઠ બબલદાસ ગૌતમદાસ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર સમાલોચના

**(૧) શ્રી નંદિસૂત્રનાં પ્રવચનો (૨) પૂજ્ય શાસન સમ્રાટની આદર્શ શિષ્ય પરંપરા (૩) પર્યુષણનો મંગલ સંદેશ**

લેખક: મુનિ શીલચન્દ્રવિજય : પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : જસવંતલાલ ગિરધરલાલ જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ, અમદાવાદ-૧

શ્રી નેમિનંદન ગ્રંથમાળાના ઉપરોક્ત ત્રણેય પુસ્તકો પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજીની પ્રેરણાનુસાર તૈયાર કરવામાં આવેલા છે. નંદિસૂત્રનાં પ્રવચનોમાં સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજયનંદનસૂરીશ્વરજીએ નંદિસૂત્રની પ્રારંભિક પીઠિકા ઉપર આપેલા વ્યાખ્યાનોનો સંગ્રહ છે.

**'મંગલમ્ ભગવાન વીરો યાને શ્રી મહાવીર જીવન જ્યોત'**

લેખિકા : પૂ. સાધ્વીજી વસંતપ્રભાશ્રીજી "સુતેજ". પ્રકાશક : શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ, મુંબઈ. પ્રાપ્તિ સ્થાન : ૧. શ્રી પાર્શ્વચંદ્રસૂરિ જ્ઞાન મંદિર, દશમો રોડ, ચેમ્બુર-મુંબઈ નં. ૭૧. ૨. શ્રી પાર્શ્વચંદ્રસૂરિ જ્ઞાનમંદિર, ઝવેર રોડ, મુલુન્ડ-મુંબઈ નં. ૮૦. પાના ૬૪+૪૦૦=૪૬૪. કિંમત : વાંચન-ચિંતન-મનન-પરિશીલન. આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦.

પરમ વિદુષી. પૂ સાધ્વીશ્રી સુનંદાશ્રીજી મહારાજની સુશિષ્યા સુપ્રસિદ્ધ લેખિકા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રી (સુતેજ) એ જૈન તેમજ જૈનતર સમાજને ઉપયોગી થઇ પડે એ રીતે શાસ્ત્રને વફાદાર રહી ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર આલેખ્યું છે. પરમ પ્રશાંત મૂર્તિ વર્તમાન ગચ્છ સ્થવીર પૂ. ગુરૂદેવ શ્રી વિદ્યાચંદ્રજી મહારાજ સાહેબ અને ગચ્છરત્ન વિદ્વાન પૂ. મુનિરાજશ્રી રામચંદ્ર મહારાજ સાહેબે આત્મીય મમતા પૂર્વક આ ગ્રંથમાં 'આશીર્વચન અને શુભેચ્છા' લખી આપ્યા છે, તેમજ યુગવીર સમયપ્રાજ્ઞ પૂ. આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે ગ્રંથ અંગે 'અનુમોદના અને અભિનંદન' લખી આપી આ ગ્રંથની શોભામાં વધારો કર્યો છે. 'સાધ્વી સંઘની મહત્તા' વાળા ગ્રંથના છેલ્લા પ્રકરણમાં પૂ લેખિકા સાધ્વીશ્રીએ પોતાની ઉચ્ચ અને વિશાળ ભાવના દર્શાવતા કહ્યું છે કે, "આજે જૈન શાસનના ઝંડા નીચે દરેક ગચ્છો એકત્ર થાય, ગચ્છોમાં સંપ્રદાયો એકત્ર થાય અને સંપ્રદાયોમાં સૌ વ્યક્તિઓ એકત્ર થાય તો જ પ્રભુ મહાવીર નિર્વાણના પચીશમા શતાબ્દિ મહોત્સવ ઉજવણીમાં પ્રાણ પુરાય" આપણે ઇચ્છીએ કે સાધ્વીશ્રીની આવી શુભ ભાવના વહેલી તકે સફળ થાય. સાધ્વી સમુદાયે તો આ ગ્રંથ ખાસ વાંચવા જેવો છે.

( અનુસંધાન પેજ ૨૪૨ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેના બેંક કેશ સર્ટિફિકેટ

ખરીદીને હવે ૨૦ વર્ષમાં આપનાં નાણાં સાતગણાથી અધિક કરો !

**રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.**

| મુદત | વેચાણ કિંમત | પાકતી મુદતે મળનારી રકમ |
|---|---|---|
| ૨૦ વર્ષ | રૂ. ૧૩.૬૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૧૩૬.૪૬ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૬૮૨.૩૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૧,૩૬૪.૬૨ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૬,૮૨૩.૦૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૧૩,૬૪૬.૧૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૫ વર્ષ | રૂ. ૨૨.૪૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૨૨૪.૫૨ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૧૨૨.૬૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૨,૨૪૫.૨૧ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૧,૨૨૬.૦૭ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૨૨,૪૫૨.૧૩ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૦ વર્ષ | રૂ. ૩૬.૯૪ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૩૬૯.૪૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૮૪૭.૦૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૩,૬૯૪.૦૭ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૮,૪૭૦.૩૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૩૬,૯૪૦.૭૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| વર્ષ | રૂ. ૫૫.૦૨ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૫૫૦.૧૮ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૨,૭૫૦.૮૯ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૫,૫૦૧.૭૮ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૨૭,૫૦૮.૮૯ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૫૫,૦૧૭.૭૮ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૧ મહિના | રૂ. ૬૦.૨૮ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૦૨.૭૭ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૦૧૩.૮૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૦૨૭.૬૬ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૦,૧૩૮.૨૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૦,૨૭૬.૫૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૪ વર્ષ | રૂ. ૬૯.૮૬ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૯૮.૬૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૪૯૩.૦૭ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૯૮૬.૧૪ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૪,૯૩૦.૭૧ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૯,૮૬૧.૪૧ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ | રૂ. ૭૬.૪૧ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૭૬૪.૧૫ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૮૨૦.૭૪ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૭,૬૪૧.૪૯ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૮,૨૦૭.૪૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૭૬,૪૧૪.૯૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લોન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી મળનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)

હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩

Ratan Batra/DB/G/127

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ



સ્વ. શ્રી ભાઇચંદભાઇ

મૂક સેવાભાવીની વસમી વિદાય! ભાવનગરના જૈન સમાજના અગ્રણી મૂક સેવાભાવી કાર્યકર શ્રી ભાઇચંદભાઇ અમરચંદ શાહના તા. ૪-૯-૭૬ના રોજ આકસ્મિક કરૂણ અવસાનના સમાચારથી ખૂબ જ ઊંડું દુઃખ અને આઘાત અનુભવીએ છીએ.

સ્વ. શ્રી ભાઇચંદભાઇ એક કુશળ ધારાશાસ્ત્રી હતા. તેઓ સભાના આજીવન સભ્ય હતા અને વર્ષો સુધી કાર્યવાહીના સભ્યપદે રહીને સભાના કાર્યમાં ઊંડો રસ દાખવી સહકાર આપ્યો હતો. તદુપરાંત ભાવનગરની જૈન સમાજની નાની મોટી સંસ્થાને તેઓશ્રી અનેક રીતે સહકાર અને સાચું માર્ગદર્શન આપી ઉપયોગી થતાં. દાદાસાહેબ જૈન બોર્ડીંગના વર્ષો સુધી મંત્રી તરીકે રહી સંસ્થાના વિદ્યાર્થીઓમાં સ્વમાન અને સ્વદેશાભિમાનની ભાવના જાગે એ રીતે કુશળતાપૂર્વક સંચાલન કરતા, અને એવી તેમની કાર્ય પદ્ધતિમાંથી અન્ય સંસ્થાઓને પ્રેરણા મળે એવું છે. આ ઉપરાંત જૈન બાળ વિદ્યાર્થી ભુવન, શ્રી આણંદજી પરશોત્તમ જૈન દવાખાના, જૈન કેળવણી મંડળ, ધાર્મિક શિક્ષણ સમિતિ, મધ્યમવર્ગ રાહત સમિતિ વગેરેમાં પોતે ખૂબ જ ઊંડો રસ લઇ તે તે સંસ્થાઓને મજબૂત પાયા ઉપર મૂકી આદર્શ રીતે ચાલે તેવા તેમના પ્રયત્નો કાયમ માટે યાદ રહે તેવા છે. આ ઉપરાંત તેમણે અનેક નાની મોટી જૈન તેમજ જૈનેતર સંસ્થાઓને પ્રેરણા ને સહકાર આપી પ્રગતિને માર્ગે દોરી છે.

ભારત વ્યાપી બે સંસ્થાઓ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યમાં પણ તેમને ખૂબ જ ઊંડો રસ હતો અને તે બંને સંસ્થાઓનો વિકાસ જૈન સમાજની એકતા અને ઉન્નતિ માટે જરૂરી છે એમ માની તે બંને સંસ્થાઓને હાર્દિક ટેકો આપતા અને વિકાસ માટે પ્રયત્ન કરતા. તેઓ આ ઉપરાંત અનેક ભાઇ-બ્હેનોને વ્યક્તિગત જીવનમાં પણ સાચી દોરવણી આપતા, અને અનેકને મુંઝવણમાંથી માર્ગ શોધી આપતા.

તેમના જીવનમાં નાનપણથી જ રાષ્ટ્રભક્તિ અને સ્વદેશી પ્રેમ વણાયેલા હતા અને તે ગુણો અન્યને પ્રેરણાદાયી બનતા. તેમનું અંગત જીવન પણ ધર્મપરાયણ અને સાદાઇપૂર્ણ હતું. તેઓને સાચા ધાર્મિક શિક્ષણ અને તપશ્ચર્યા ખાસ કરીને આયંબીલની તપશ્ચર્યામાં ઊંડો રસ હતો. આયંબિલશાળાના વિકાસ માટે તો તેઓ ખૂબ ઊંડો રસ લેતા અને અંગત જીવનમાં પણ આયંબિલ-તપશ્ચર્યાને મુખ્ય સ્થાન આપ્યું હતું. રોજીંદા જીવનને ધર્મપરાયણ અને શુદ્ધ બનાવવા પોતાના ધાર્મિક જ્ઞાનનો ઉપયોગ કરવા સદા તત્પર રહેતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આટલા વિશાળ પાયા ઉપર સેવાના કાર્ય કરતાં હોવા છતાં તદ્દન નિરભિમાની રહેતા એ એમની ખાસ વિશિષ્ટતા હતી. તેઓ નાનાની સાથે નાના, અને મોટાની સાથે મોટા થઈ સૌની સાથે 'આત્મીય' બનીને પ્રેરણા આપતા

તન મન અને ધનની બધી અનુકૂળતા છતાં સ્વભાવે તદ્દન સાદા, શાન્ત, નિરભિમાની અને કશા પણ આડંબર કે આત્મપ્રશંસાથી દૂર રહેનારા હતા.

તેમના જવાથી જૈન સમાજે એક મહાન કુશળ સલાહકાર અગ્રણી ગુમાવ્યા છે. તેમના જવાથી અનેક સંસ્થાઓને ન પૂરાય તેવી ખોટ પડી છે. શાસનદેવ એમના આત્માને શાંતિ આપે અને એમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એવી પ્રાર્થના.......

# સ્વર્ગવાસ નોંધ



શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી

ભાવનગર જૈન શ્વે. મૂ. તપાસંઘના પ્રમુખ શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીનું તા. ૧૯-૯-૧૯૭૬ને રવિવારના રોજ ઘાટકોપર મુકામે અવસાન થયું તે અંગે અમે ખૂબ ઊંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ.

સ્વ. શ્રી વાડીલાલભાઈ સાચા સેવાભાવી અને દાનવીર આગેવાન હતા. તેઓશ્રીએ અથાગ પરિશ્રમ લઈ સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, ભાવનગરની સ્ત્રી કેળવણીની સંસ્થા શ્રી ન. ચ. ગાંધી મહિલા કોલેજ, શ્રી ચત્રભુજ મોતીલાલ હાઈસ્કૂલ વગેરે કેળવણીની સંસ્થાઓ તેમજ ઘાટકોપર તથા અમરગઢની હોસ્પીટલ વગેરે સંસ્થાઓને ઉદાર સખાવતો આપીને અને ઊંડો રસ લઈને તેના વિકાસમાં સારો ફાળો આપ્યો હતો.

આ ઉપરાંત ભાવનગરના સરદારનગર વિસ્તારમાં જૈન દેરાસરના નિર્માણકાર્ય માટે તેમની પ્રેરણા અને ફાળો ઉદાત્ત પ્રકારના હતા. છેલ્લે છેલ્લે તેઓશ્રી ભાવનગર જૈન સંઘની કાર્યવાહીમાં રસ લેતા થયા હતા અને જૈન સંઘનું પ્રમુખપદ સ્વીકારી ભાવનગરના સંઘને યોગ્ય દોરવણી ને સલાહ આપતા હતા. તેઓ આ સંસ્થાના પેટ્રન હતા, અને સંસ્થાના વિકાસમાં ઊંડો રસ લેતા હતા.

તેમના જવાથી જૈન સમાજને એક સેવાભાવી, ભાવનાશીલ દાનવીરની ખોટ પડી છે. શાસન દેવ એમના આત્માને ચિરસ્થાયી શાંતિ આપે એવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક અનેકાંકી નાટક

(સવૈયા)

ભૂખરી ભૂખરી ટેકરી ઊંચી, વચ્ચે પડદો આભ તણો,
વાદળ દળ નટ મંડળ મોટું, બહુરંગી પરિવેશ ઘણો;
પ્રેક્ષક જનતા રસિકજનોને, સૂત્રધાર છે વાયુદેવ,
વિધવિધ પાત્રો અભિનવ અભિનય, રંગ પૂરે ત્યાં સૂરજદેવ. ૧

લાલ પીળો ને વાદળી મળતાં, રુપલીલા વિલસે ભરપૂર,
રાજા, રાણી, રથ, કરી, ઘોડા ઋષિ બાળક તરુવેલી ફૂલ;
ક્ષણમાં રાજા રેતી ઢગલો, સિંહ શશક કાયર તે શૂર,
ભવલીલા પ્રતિબિંબિત કરતા, કુદરત આપે બોધ અમૂલ. ૨

ઘૂમટો તાણી નવવધૂ નિરખે, શકુંતલા જેવી શરમાળ,
મરમાળું હસતા આ માજી, આધુનિક અલ્હડ આ નાર;
મૃગજળ જેવો હવા હિલોળે, હિંમતો દરિયો દેખાય,
એક જોવું ત્યાં બીજું ભૂલું હું, દશ્ય અંકનો નહિ કો પાર. ૩

નેત્ર મઝા મનનું કલ્પનને, મળતો આત્મિક બોધ અમાપ,
આવું જોણું જો જો નિતનિત, વધશે પ્રજ્ઞાસીમનો વ્યાપ.

★



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વીકાર સમાલોચના : ( પેજ ૨૩૭ થી ચાલુ )

**ભજન પદ સંગ્રહ :**

સંગ્રાહક : પ. પૂ. મુનિરાજ શ્રી મનોહરસાગરજી, પ્રકાશક : સદ્બોધ સાહિત્ય સદન, C/o. કીર્તિલાલ ડાહ્યાલાલ પરીખ, ૧૭/૧૯ ધનજી સ્ટ્રીટ–મુંબઇ. મૂલ્ય રૂા. ૨–૫૦.

**તત્ત્વ અને દ્રવ્ય :**

કર્તા : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પ્રકાશક : સદ્બોધ સાહિત્ય સદન C/o. શાહ ચીમનલાલ જેચંદભાઈ, મનસુખભાઇ શેઠની પોળ, કાળુપુર–અમદાવાદ-૧ મૂલ્ય રૂા. ૨–૫૦.

**'પરમાત્મ જ્યોતિ' :**

લેખક : સ્વ. યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ૦ સાહેબ
પ્રકાશક–સદ્બોધ સાહિત્ય સદન, શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરી જૈન જ્ઞાન મંદિર, વિજાપુર (ઉ.ગુજ.)
પ્રાપ્તિસ્થાન : જૈન જ્ઞાન મંદિર, વિજાપુર ( ઉ. ગુજરાત ).


ત્રીજી આવૃત્તિ. ડેમી સાઈઝ. પાના : ૧૬+૪૮૪=૫૦૦. મૂલ્ય : રૂપિયા ૧૧–૦૦

પૂજ્યપાદ આચાર્યશ્રી સુબોધસાગરસૂરિજીના સ્તુત્ય પ્રયાસથી આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રગટ થાય છે તે બહુ આનંદની વાત છે, કારણ કે આજે આ ગ્રંથ અપ્રાપ્ય છે. જ્ઞાન મહોદધિ, મહા મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત આધ્યાત્મિક ગુણ સમૃદ્ધિ સંપ્રાપક 'પરમાત્મ જ્યોતિ' ગ્રંથરત્ન પર ભવ્ય ભાવોત્પાદક વિવેચન સ્વ. આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીએ કરેલ છે. પ્રસ્તુત ગ્રંથ વર્તમાન યુગમાં અત્યંત ઉપયોગી છે. પ્રસ્તાવના લેખક આચાર્યશ્રી સુબોધસાગરસૂરિ પાદ પદ્મરેણુ આચાર્યશ્રી મનોહરકીર્તિસૂરિએ સાચું જ કહ્યું છે કે–" પરમાત્મ જ્યોતિ ગ્રંથનું આંતરદર્શન કરવાથી ગ્રંથની ગૌરવતા સમજાશે. પરમાત્મ જ્યોતિનું આરાધન કરનાર પરમ મંગળ પદ વરે છે. " આજે ચારે બાજુ ભૌતિક પ્રગતિ વધતીને વધતી જ જાય છે, પરંતુ આધ્યાત્મિકતા વિનાની માત્ર ભૌતિક પ્રગતિ એ તો મીઠા વિનાની બત્રીસ પ્રકારની ભોજન સામગ્રીઓ જેવી નકામી અને અર્થહીન છે. આધ્યાત્મિક પ્રેમીઓ માટે આ ગ્રંથ ઘરમાં વસાવવા જેવો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા વખતથી અપ્રાપ્ય ગ્રંથ હવે મળશે. અશરણ વગેરે બાર ભાવના અને મૈત્રી વગેરે ચાર ભાવનાનું મધુર સંસ્કૃત ભાષા અને કર્ણમધુર છંદોમાં હૃદયસ્પર્શી વર્ણન કરીને આત્મભાવને જગાડતો પ્રાચીન ગ્રંથ ...

# શ્રી શાંત સુધારસ

કર્તા : ઉપાધ્યાય **શ્રી વિનયવિજયજી મહારાજ**

ગુજરાતી ભાષામાં ગ્રંથ અને ગ્રંથકારના અભ્યાસપૂર્ણ પરિચય તથા મૂળ ગ્રંથ ઉપર વિસ્તૃત વિવેચન સાથે

વિવેચન કરનાર : **શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**

૧૦×૭ ૧/૨ ઇંચની મોટી સાઇઝ

ચોથી આવૃત્તિ ] [ પૃષ્ઠ સંખ્યા ૬૦૦

**કિંમત : રૂપિયા પંદર**

પ્રાપ્તિસ્થાન :

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૩૬

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
પાલડી બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૬

**શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ગોડીજી બિલ્ડીંગ, વિજયવલ્લભ ચોક, મુંબઈ-૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આપના ધંધાની પ્રગતિ અને વિકાસ માટે
## 'આત્માનંદ પ્રકાશ'માં જાહેરાત આપો.

છેલ્લા ઓત્તેર વર્ષથી 'આત્માનંદ પ્રકાશ' જૈન સમાજની અવિરતપણે સેવા કરી રહ્યું છે.

*

મુંબઇ, કલકત્તા, બેંગ્લોર વગેરે મોટા ધંધા અને ઉદ્યોગના ધામો સુધી આ માસિકના ગ્રાહકો છે.

*

ધર્મ, તત્ત્વજ્ઞાન અને ચારિત્ર ઘડતર માટેની સુંદર કથાઓ વાચકોને પીરસવામાં આવે છે.

*

વધુ વિગત માટે લખો :
**શ્રી જૈન આત્માનંદ સભા**
**ખારગેટ, ભાવનગર**

*

વાર્ષિક ૩૦ ફર્માનું વાંચન વાર્ષિક માત્ર છ રૂપિયાના લવાજમાં તમારે ઘરે પહોંચતું કરવામાં આવે છે.

*

### * જાહેર ખબરના દર *

| | એક વખતના રૂા. | વાર્ષિક (દશ અંકોમાં) રૂા. |
|---|---|---|
| ટાઈટલ પેજ (છેલ્લું) ચોથું. (આખું પાનું) | ૧૦૦) | ૮૦૦) |
| ટાઈટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખું પાનું | ૭૫) | ૬૦૦) |
| અંદરનું આખું પાનું | ૫૦) | ૪૦૦) |
| અંદરનું અર્ધું પાનું | ૩૦) | ૨૨૫) |
| અંદરનું પા પાનું | ૨૦) | ૧૫૦) |

સૌ શુભેચ્છકોને સહકાર આપવા વિનંતિ.

—મંત્રીઓ

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only